અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ ઓક્ટોબર ૨૦૨૩, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ એકમ | અંક : ૯૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### યુએનમાં ગાઝામાં સંઘર્ષ-વિરામના પ્રસ્તાવથી ભારતે અંતર જાળવ્યું

## ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વિરામ પર કેન્દ્રના વલણ સામે વિરોધ પક્ષો ભડક્યા

### કેન્દ્રએ વલણ સ્પષ્ટ કરવું જોઈએ : પ્રિયંકા, પેલેસ્ટાઈન મુદ્દે ભારત સરકાર કન્ફ્યૂઝનમાં છેઃ પવાર, આ માનવતાવાદી મુદ્દો છે રાજકીય નથી : ઓવૈસી

। નવી દિલ્હી, તા.૨૮ ।

સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ગાઝામાં સંઘર્ષ-વિરામનું આહવાન કરતા પ્રસ્તાવથી ભારતે અંતર જાળવી રાખ્યુ હતું. જેને લઈને કોંગ્રેસ સહિત વિપક્ષે સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, ભારતના આ પગલાથી હું હેરાન છું અને શરમ અનુભવી રહી છું. પ્રિયંકાએ કહ્યું કે, જયારે માનવતા સાથે દરેક કાયદાને બાજુમાં મૂકી દેવામાં આવ્યા છે તો આવા સમયમાં પોતાનું સ્ટેન્ડ નક્કી ન કરવું અને મૌન રહી જોતા રહેવું ખોટું છે. પ્રિયંકા ગાંધીના પોસ્ટ પર કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું કે, ભારત પેલેસ્ટાઈનની સાથે ઉભુ છે. પરંતુ પ્રિયંકા ગાંધી મત માટે આતંકવાદી હમાસ સાથે ઉભા છે. ગિરિરાજ સિંહે કહ્યું કે, પ્રિયંકા ગાંધી મત માટે શું-શું કરશો? અમે પેલેસ્ટાઈનના અસ્તિત્વ માટે કાલે પણ ઊભા હતા અને આજે પણ ઊભા છીએ. પરંતુ હમાસ જેવા આતંકવાદીનો પક્ષ કોંગ્રેસ જ લઈ શકે છે સામાન્ય લોકો તો ન લઈ શકે. હમાસ કોઈ ક્રાંતિકારી સંગઠન નથી. હમાસ એક ઉગ્રવાદી સંગઠન છે. હમાસ માનવતા ઉપર એક કલંક છે. અને કોંગ્રેસને કલંક પસંદ છે.



આજે આ પહેલા પ્રિયંકા ગાંધીએ યુએનમાં ભારત દ્વારા લેવામાં આવેલા પગલાની ટીકા કરી હતી અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરતા લખ્યું કે, ગાંધીજીએ કહ્યું હતું કે, આંખના બદલામાં આંખ આખી દુનિયાને આંધળી બનાવી દે છે. હું હેરાન છું અને શરમ અનુભવું છું કે ગાઝામાં સંઘર્ષ-વિરામ માટેના મતમાં આપણો દેશ ગેરહાજર રહ્યો. આપણા દેશનું નિર્માણ અહિંસા અને સત્યના સિદ્ધાંતો પર થયુ છે. જે સિદ્ધાંતો માટે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ બલિદાન આપ્યું હતું. આ સિદ્ધાંતો બંધારણનો આધાર છે જે આપણી રાષ્ટ્રીયતાને વ્યાખ્યાયિત કરે છે. તેઓ ભારતની નૈતિક હિંમતનું પ્રતિનિધિત્વ કરે છે જેણે આંતરરાષ્ટ્રીય સમુદાયના સભ્ય તરીકે તેની ક્રિયાઓને માર્ગદર્શન આપ્યું છે. પ્રિયંકાએ આગળ કહ્યું કે, જ્યારે માનવતાના દરેક કાયદાઓને નષ્ટ કરવામાં આવ્યા છે. લાખો લોકો માટે ખોરાક, પાણી, તબીબી પુરવઠો, સંદેશાવ્યવહાર અને વીજળી બંધ થઈ ગઈ છે અને પેલેસ્ટાઈનમાં હજારો પુરુષો, સ્ત્રીઓ અને બાળકોને ખતમ કરવામાં આવી રહ્યા છે ત્યારે સ્ટેન્ડ લેવાનો ઈનકાર કરવો અને મૌન રહીને જોવું ખોટું છે. આ તે તમામ બાબતોની વિરુદ્ધ છે જેના માટે એક રાષ્ટ્રના રૂપમાં ભારત હંમેશા ઊભુ રહ્યું છે. યુએનમાં વોટિંગમાં સામેલ ન થવા પર એનસીપીઅધ્યક્ષ શરદ પવારે કહ્યું કે, પેલેસ્ટાઈન મુદ્દે ભારત સરકાર કન્ફ્યૂઝનમાં છે ભારતની નીતિ પેલેસ્ટાઈનનું સમર્થન કરવાની હતી, ઈઝરાયેલનું નહી. પેલેસ્ટાઈનમાં હજારો લોકો મરી રહ્યા છે અને ભારતે ક્યારેય તેનું સમર્થન ન કર્યું. એટલા માટે હાલની સરકારમાં કન્ફ્યૂઝનની સ્થિતિ છે.

એઆઈએમઆઈએમચીફ અસદુદ્દીન ઓવૈસીએ પોસ્ટ કરતા કહ્યું કે, આ ચોંકાવનારું પગલું છે કે મોદી સરકારે માનવતાવાદી સંઘર્ષ-વિરામ અને નાગરિક જીવનની સુરક્ષા માટે યુએનના પ્રસ્તાવ પર મતદાન કરવાથી અંતર જાળવ્યુ. ઈઝરાયેલે ગાઝામાં ૭૦૨૮ લોકોની હત્યા કરી નાખી છે. તેમાં ૩૦૦૦થી વધુ બાળકો અને ૧૭૦૦ મહિલાઓ સામેલ છે. ગાઝામાં ઓછામાં ઓછા ૪૫% ઘરો નષ્ટ થઈ ગયા છે. ૧૪ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. શાંતિકાળ દરમિયાન પણ, ગાઝાવાસીએઅ સંપૂર્ણ નાકાબંધીનો સામનો કરવો પડ્યો છે અને માનવતાવાદી સહાય પર આધાર રાખવો પડે છે. જ્યારથી યુદ્ધ શરૂ થયું છે ત્યારથી સ્થિતિ વધુ કથળી ગઈ છે.

ઓવૈસીએ આગળ કહ્યું કે, આ માનવતાવાદી મુદ્દો છે રાજકીય મુદ્દો નથી. પ્રસ્તાવ પર રોક લગાવીને ભારત વૈશ્વિક દક્ષિણ, દક્ષિણ એશિયા અને બ્રિક્સમાં એકલું ઊભું છે. નાગરિક જીવન સંબંધિત મુદ્દાઓ પર ભારતે શા માટે દૂરી બનાવી? ગાઝામાં સહાય મોકલ્યા બાદ અંતર કેમ જાળવ્યું? એક વિશ્વ, એક પરિવારનું શું થયું? અને વિશ્વગુરુ? પીએમ મોદીએ હમાસના હુમલાની નિંદા કરી હતી પરંતુ યુદ્ધવિરામની માંગ કરતા યુએનના પ્રસ્તાવ પર સહમત ન થઈ શક્યા. તેમણે થોડા દિવસો પહેલા જોર્ડનના રાજા સાથે વાત કરી હતી પરંતુ જોર્ડન દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવથી તેમણે પોતાને દૂર કરી લીધા હતા. આ એક અસંગત વિદેશ નીતિ છે.

### કોંગ્રેસના નેતા બે દિવસની છત્તિસગઢની મુલાકાતે

## શાળા-કોલેજોમાં કેજીથી પીજી સુધી મફત અભ્યાસનું કોંગ્રેસનું વચન

। રાયપુર, તા.૨૮ ।

છત્તીસગઢમાં પણ વિધાનસભા ચૂંટણીનું આયોજન ટૂંક સમયમાં થવાનું છે ત્યારે કોંગ્રેસ અને ભાજપ સહિત અનેક પક્ષો તેમની તાકાત લગાવી રહ્યા છે. આ દરમિયાન સત્તાધારી કોંગ્રેસ તરફથી આજે રાહુલ ગાંધી બે દિવસ માટે અહીં પહોંચ્યા હતા. દરમિયાન તેમણે કાંકેર જિલ્લાના ભાનુપ્રતાપ પુરમાં ચૂંટણી સભાને સંબોધી હતી. આ દરમિયાન તેમણે એક મોટી જાહેરાત કરી હતી



કે છત્તીસગઢની તમામ સ્કૂલ અને કોલેજોમાં રાજ્યની પ્રજાને કેજીથી લઈને પીજી સુધી મફત અભ્યાસ કરાવાશે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે ભાજપ દેશના લોકો સાથે અન્યાય કરી રહ્યો છે. તેમણે ફરી જાતિ આધારિત વસતી ગણતરીનો મામલો ઊઠાવતાં કહ્યું કે તેના પછી જ દેશને ખબર પડશે કે ઓબીસીની વસતી કેટલી છે? તેમણે કહ્યું કે મીડિયા પીએમ મોદીને સવાલ નથી કરતી, સવાલ તમારે કરવો પડશે. તેમને પૂછો કે પીએમ મોદી જાતિ આધારિત વસતી ગણતરીથી ડરે કેમ છે? રાહુલ ગાંધીએ કહ્યું કે ખેડૂતોના ખિસ્સામાં પૈસા આવે તો તેનો ઉપયોગ ગામમાં જ થાય છે. ગામનું અર્થતંત્ર મજબૂત બને છે. અદાણી વિદેશોમાં ખર્ચ કરે છે, મકાન ખરીદે છે.

## મુકેશ અંબાણીને અપાઇ જાનથી મારી નાખવાની ધમકી

। મુંબઈ, તા.૨૮ ।

ભારતના સૌથી ધનિક ઉદ્યોગ પતિઓમાંથી એક મુકેશ અંબાણીને લઈ એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, એક અજાણ્યા વ્યક્તિ દ્વારા મુકેશ અંબાણીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. આ ઈસમે પર ૨૦ કરોડ રૂપિયાની માંગણી કરી છે. ૨૦ કરોડ રૂપિયા ન આપવાના બદલામાં વ્યક્તિએ લખ્યુ છે કે, તે તેમને મારી નાંખશે. આ વ્યક્તિએ ઈમેલમાં એવો પણ ઉલ્લેખ કર્યો છે કે, તેની પાસે શ્રેષ્ઠ શાર્પ શૂટર્સ છે. આ તરફ પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી આરોપીની



શોધખોળ શરૂ કરી છે. પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ ૨૭ ઓક્ટોબરે મુકેશ અંબાણીને તેમના ઈમેલ આઈડી પર ઈન્બોક્સમાં એક ઈમેલ મળ્યો હતો. આ ઈમેલમાં અંગ્રેજીમાં લખવામાં આવ્યું હતું કે, જો મુકેશ અંબાણી એ અજાણ્યા વ્યક્તિને ૨૦ કરોડ રૂપિયા નહીં આપે તો તે તેમને મારી નાખશે. ઈમેલમાં એવું પણ લખવામાં આવ્યું છે કે, વ્યક્તિ પાસે ભારતના શ્રેષ્ઠ શૂટર્સમાંથી એક છે. મુકેશ અંબાણીના સિક્યુરિટી ઈન્ચાર્જે પોલીસને આ અંગે જાણકારી આપી છે. સમગ્ર મામલે ગામદેવી પોલીસે આઈપીસીની કલમ ૩૮૭ અને ૫૦૬ (૨) હેઠળ અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધ્યો છે. હાલ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. તમને જણાવી દઈએ કે, આ પહેલા પણ મુકેશ અંબાણી અને તેમની પત્ની નીતા અંબાણીને જાનથી મારી નાખવાની ધમકી મળી ચુકી છે. અગાઉ ૬ ઓક્ટોબર, ૨૦૨૨ ના રોજ ધમકી આપનાર વ્યક્તિની બિહારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. આરોપીની ઓળખ ૩૦ વર્ષીય રાકેશ કુમાર મિશ્રા તરીકે થઈ હતી. ૫ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ આરોપી વ્યક્તિએ રિલાયન્સ ફાઉન્ડેશનની હોસ્પિટલમાં ફોન કરીને અંબાણી પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, આરોપીઓએ આખી હોસ્પિટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. આ દરમિયાન પોલીસે આરોપીની ઓળખ કરી તેની ધરપકડ કરી હતી.

### યુદ્ધના ૨૨માં દિવસે ઈઝરાયેલી સેનાને મોટી સફળતા

## ઈઝરાયેલી સેનાએ હમાસ એરફોર્સના ચીફ અસેમ અબૂ રકાબાને ઠાર કર્યો

। ગાઝા, તા.૨૮ ।

ઈઝરાયેલ-હમાસ યુદ્ધના ૨૨માં દિવસે ઈઝરાયેલી સેનાને મોટી સફળતા મળી છે. ઈઝરાયેલી ડિફેન્સ ફોર્સે દાવો કર્યો છે કે, સેનાએ હમાસ એરફોર્સના ચીફ અસેમ અબૂ રકાબાને ઠાર કર્યો છે. રકાબા હમાસ દ્વારા ૭ ઓક્ટોબરના રોજ ઈઝરાયેલ પર કરવામાં આવેલા હુમલાનો માસ્ટરમાઈન્ડ હતો.

ઈઝરાયેલી ડિફેન્સ ફોર્સે પોતાના સત્તાવાર એક્સ હેન્ડલ પર પોસ્ટ કરતા હમાસ એરફોર્સના ચીફ અબૂ રકાબાને ઠાર કર્યો હોવાની પુષ્ટિ કરી છે. ઈઝરાયેલે દાવો કર્યો છે કે, રકાબા હમાસના યૂએવી, ડ્રોન, પેરાગ્લાઈડર માટે જવાબદાર હતો. તેણે ૭ ઓક્ટોબરના નરસંહારની યોજના બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સાથે જ તેણે પેરાગ્લાઈડર પર ઈઝરાયેલમાં ઘૂસણખોરી કરતા આતંકવાદીઓની કમાન સંભાળી હતી અને આઈડીએફ ચોકીઓ પર ડ્રોન હુમલા માટે જવાબદાર હતો.

### બેહેરામાં અનેક વાહનો પરસ્પર અથડાતાં આગથી ૨૮થી વધુનાં મોત

। બેહેરા, તા.૨૮ ।

ઈજિપ્તમાં ભીષણ માર્ગ અકસ્માત સર્જાયો હોવાના અહેવાલ મળી રહ્યા છે. ઈજિપ્તના બેહેરામાં અનેક વાહનો પરસ્પર અથડાયા હતા અને આગની લપેટમાં આવી ગયા હોવાની માહિતી મળી રહી છે. આ અકસ્માતમાં લગભગ ૨૮થી વધુ લોકોના મોતના અહેવાલ મળી રહ્યા છે. જ્યારે દુર્ઘટનામાં ઘાયલોની સંખ્યા ૬૦થી વધુ હોવાની જણાવાઈ રહી છે. માહિતી અનુસાર બેહેરા પ્રાંતથી લગભગ ૧૩૨ કિલોમીટર દૂર અનેક વાહનો પરસ્પર અથડાઈ ગયા હતા.









# સુરત ક્રાઈમ બ્રાંચે ૪૮ કિલો એમડી ડ્રગ્સ સાથે પેડલરની ધરપકડ કરી

। સુરત, તા.૨૮ ।

ડ્રગ્સ ઈન સુરત સીટી અભિયાન અંતર્ગત સુરત ક્રાઈમ બ્રાન્ચને વધુ એક સફળતા હાથ લાગી છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હાલ ચલાવવામાં આવી રહેલ "નો ડ્રગ્સ ઈન સુરત સીટી"ની સ્પેશિયલ ડ્રાઈવ દરમ્યાન એમ. ડી.ડ્રગ્સના જથ્થાની ડિલિવરી આપવા આવેલ શખ્સને સુરત ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. જેની પાસેથી ૪૮.૭૨ લાખથી વધુની કિંમતનો ૪૮૭.૨૮૦ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી. સુરત ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી રૂપલ સોલંકીના જણાવ્યા અનુસાર,ક્રાઈમ બ્રાન્ચની ટીમે મળેલ માહિતીના આધારે ઉધના રેલવે સ્ટેશન નજીકથી એમ.ડી.ડ્રગ્સના જથ્થાની ડિલિવરી કરવા આવેલ ઉજ્જવલ શર્મા નામના શખ્સને ઝડપી પાડ્યો હતો.જેની પાસેથી ૪૮.૭૨ લાખથી વધુની કિંમતનો ૪૮૭.૨૮૦ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં જાણવા મળ્યું હતું કે, ઉજ્જવલ શર્મા લૂંટ અને ચોરીના ગુનામાં પટનાની જેલમાં બંધ મુખ્ય આરોપી સુબોધસિંહનો સાગરીત છે. સુબોધસિહ લૂંટ અને ચોરીના બે અલગ અલગ ગુનામાં પટનાની જેલમાં બંધ છે.જે શખ્સ જેલમાં બેઠા બેઠા આંતર-રાજ્ય એમડી ડ્રગ્સનું રેકેટ ચલાવે છે.ડ્રગ્સના ધંધા માટે સુબોધસિંહે એક ગેંગ બનાવી છે. આ ગેંગમાં અંદાજીત ૨૦૦ જેટલા શખ્સો સામેલ છે. આ શખ્સો દ્વારા ગોલ્ડ પર ફાયનાન્સ કરતી સંસ્થાઓ પર હથિયારો વડે ધાપ મારી ગોલ્ડની લૂંટ ચલાવવામાં આવે છે. આ ગેંગના શખ્સો માથાભારે તરીકેની છાપ ધરાવે છે અને ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ઝારખંડ જેવા રાજ્યોમાં પણ એમડી ડ્રગનો કારોબાર જેલમાં બેઠા બેઠા કરે છે. વધુમાં ડીસીપી રૂપલ સોલંકીએ જણાવ્યું હતું કે,એમડી ડ્રગ્સના જથ્થા સાથે ઝડપાયેલ આરોપી ઉજ્જવલ શર્મા સુરતમાં રહેતા મનોજ રાય નામના ઈસમને એમડીની ડીલીવરી આપવા માટે આવ્યો હતો. સુરતનો મનોજ રાય પટનાની જેલમાં બંધ સુબોધસિંહ સાથે ટેલિગ્રામ એપના માધ્યમથી સંપર્કમાં હતો. તે ટેલિગ્રામ મારફતે સુરતનો મનોજ રાય પટનાની જેલમાં બંધ રહેલ સુબોધસિંહનો સંપર્ક કરી ડ્રગ્સ મંગાવતો હતો. ઉજ્જવલ શર્મા કેટલા સમયથી સુરતમાં આ પ્રકારે ડ્રગ્સ સપ્લાય કરે છે અને કોણે કોણે ડ્રગ્સની ડિલીવરી હમણાં સુધી આપી ચુક્યો છે. તેની તપાસ હાલ સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચલાવવામાં આવી રહી છે. ઉજ્જવલ શર્માના ગુનાહિત ઈતિહાસ ખંગોળવાની તજવીજ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી છે.



મણિનગર કુમકુમ સ્વામિનારાયણ મંદિરમાં શરદ પૂર્ણિમાં નિમિત્તે રંગોળી બનાવવામાં આવી હતી.

### શિક્ષક જગતને શર્મસાર કરતો કિસ્સો

# સુરતના મહિધરપુરામાં ટ્યુશન કલાસીસના શિક્ષકે વિદ્યાર્થીની સાથે છેડતી કરી

## સમગ્ર મામલે પોલીસે ટ્યુશન સંચાલક શિક્ષક ની ધરપકડ કરી પોકસો એક્ટ હેઠળ કાયદેસર ની કાર્યાવહી હાથ ધરી હતી

। સુરત, તા.૨૮ ।

સુરત મહિધરપુરા વિસ્તારમાં શિક્ષણને લજવતો કિસ્સો સામે આવ્યો છે. જેમાં ધોરણ.૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સાથે ટ્યુશન કલાસીસના શિક્ષકે છેડતી કરી હતી. કલાસીસમાં એકલતાનો લાભ લઈ છેડતી કરતો હતો. સમગ્ર મામલે પોલીસે ટ્યુશન સંચાલક શિક્ષક ની ધરપકડ કરી પોકસો એક્ટ હેઠળ કાયદેસર ની કાર્યાવહી હાથ ધરી હતી. સુરતના મહિધરપુરા વિસ્તાર માં ખાનગી ટ્યુશન કલાસીસના શિક્ષકે ધોરણ.૧૦ની વિદ્યાર્થીની સાથે છેડતી કરી હતી. સમગ્ર ઘટનાને લઈ વિદ્યાર્થીની એ ઘરે વાત કરતા મહિધરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક કામગીરી કરી શેયાંગ ઓઝા નામના શિક્ષકની ધરપકડ કરી પોકસો એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.મહત્વનું છે કે આ શિક્ષક કલાસીસ માં કોઈ ના હોય તે દરમ્યાન એકલતાનો લાભ લઈ વિદ્યાર્થીની સાથે છેડતી કરતો હતો.તેની આ હરકતો ના કારણે વિદ્યાર્થીની એ ઘરે વાત કરી હતી.

### વડોદરામાં ચોરીની ઘટના સામે આવી

# લેબર કોન્ટ્રાક્ટરના ઘરમાંથી રૂપિયા ૧૨.૨૦ લાખની મતાની ચોરી થઇ

## બાપોદ પોલીસે ગુનો નોંધી તસ્કરોની હાથ ધરી છે

। વડોદરા, તા.૨૮ ।

વાઘોડિયા રોડ પર આવેલી સોસાયટીમાં લેબર કોન્ટ્રાક્ટર પત્ની સાથે ઉપરના માળે ઊંઘી ગયા હતા ત્યારે તસ્કરો મકાનમાં ત્રાટક્યા હતા. તિજોરીમાં મુકેલા સોના ચાંદીના દાગીના મળી ૧૨.૨૦ લાખની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બાપોદ પોલીસે ગુનો નોંધી તસ્કરોની હાથ ધરી છે. મૂળ દાહોદના અને હાલમાં વાઘોડિયા રોડ પર આવેલી જય મંગલ સોસાયટીમાં રહેતા રાજેન્દ્રકુમાર મજુભાઈ બારીયા લેબર કોન્ટ્રાકટર છે. તેઓએ ફરીયાદ નોંધાવી છે કે છેલ્લા એકાદ મહીનાથી મારા માતા-પિતા ખેતીકામ અર્થે અમારા મુળ વતન મચાર ગામે ગયા હતા. હું તથા મારી પત્ની તથા દિકરી તા-૨૫/૧૦/૨૦૨૩ના જમી પરવારી રાત્રીના આશરે સાડા દસ વાગે અમારા મકાનના નીચેના મુખ્ય દરવાજાને તથા રૂમને તાળુ મારી ઉપરના માળે સુઇ ગયા હતા. બીજા દિવસે સવારના મારી દિકરીને સ્કુલ માટે તૈયાર કરવાની હોય નીચે આવતા અમારા મકાનની લોખંડની જાળી તથા મકાનનો મુખ્ય લાકડાના દરવાજાનો નકુચો તુટેલ અને દરવાજો ખુલ્લી હાલતમાં હતો. જેથી મે મકાનમા બેડરૂમના દરવાજાનું તાળુ તુટેલ હતું.

### ડુંગળીના ભાવ અચાનક જ વધ્યાં

# ડુંગળીના કિલોએ 30 રૂપિયા વધતા ગ્રાહકો ઘટ્યાં તો વેપારીઓ ચિંતામાં

## શાક માર્કેટમાં ડુંગળીની ખરીદી કરતા ગ્રાહકો પણ ઘટી ગયા છે : ગ્રાહકોને આશા છે કે, ડુંગળીના ભાવ ઘટશે



। અમદાવાદ, તા.૨૮ ।

શહેરના શાકમાર્કેટમાં હાલ ડુંગળીના ભાવ પૂછશો તો હેરાન થઈ જશો. કારણ કે એક સમયે ૩૦થી ૪૦ રૂપિયા કિલો વેચાતી ડુંગળી હાલ ૭૦થી ૮૦ રૂપિયા કિલો વેચાઈ રહી છે જેની પાછળનું કારણ ડુંગળીની ઓછી આવક છે. નવરાત્રિ પૂરી થયા બાદ અચાનક જ અમદાવાદમાં ડુંગળીના ભાવ વધી ગયા છે. પરિણામે શાક માર્કેટમાં ડુંગળીની ખરીદી કરતા ગ્રાહકો પણ ઘટી ગયા છે. ગ્રાહકોને આશા છે કે, ડુંગળીના ભાવ ઘટશે. જ્યારે વેપારીઓ પણ ચિંતામાં છે કે જે માલ ભરેલો છે તેનું વેચાણ કેવી રીતે થશે. અચાનક ડુંગળીના વધી ગયેલા ભાવને કારણે ડુંગળીની ખરીદી ઓછી થઈ ગઈ છે. અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલા શાકમાર્કેટમાં દિનેશભાઈ પ્રજાપતિ નામના વેપારીએ જણાવ્યું હતુ કે, 'નવરાત્રિ બાદ અચાનક જ ડુંગળીના ભાવમાં વધારો થઈ ગયો છે. કારણ કે આવક ઓછી હતી. જો કે, ડુંગળીનો આજે ભાવ છે તે દિવાળી સુધી આવોને આવો રહેશે. દિવાળી બાદ ડુંગળીના ભાવમાં ઘટાડો થવાની શક્યતા પૂરેપૂરી લાગી રહી છે.' ભાવવધારાની અસર અમદાવાદના ગોતા શાકમાર્કેટમાં છૂટક ડુંગળી બટાકા વેચતા વેપારીઓનું કહેવું છે કે, ડુંગળી હાલ કોઈ ખરીદતું નથી કદાચ લોકો ખરીદે તો માત્ર ૨૫૦ ગ્રામ જેટલી ડુંગળી ખરીદે છે. કાલુપુર બજારમાં ડુંગળી ૬૦થી ૬૫ રૂપિયા કિલો મળે છે, જ્યારે અહીં આવતા ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ લાગી જતા અમે ૭૦થી ૮૦ રૂપિયા કિલો ડુંગળી વેચી રહ્યા છીએ. ઘણીવાર તો માલ ન વેચાય તો પડતર કિંમત પર ડુંગળી મોડી રાત બાદ કાઢી નાખતા હોઈએ છીએ. હાલ તો ડુંગળીને કારણે અમારે નુકસાન જ થાય છે પરંતુ હજુ સુધી લાગતું નથી કે ડુંગળીના ભાવ આ અઠવાડિયા દરમિયાન ઓછા થાય, જો કે સરકાર હસ્તક્ષેપ કરે તો ડુંગળીના ભાવમાં ઘટાડો થઈ શકે તેમ છે.

# રાજસ્થાનમાં ૯ મહિનાની બાળકી પેનનું ઢાંકણું ગળી ગઈ



। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ શહેરની સિવિલ હોસ્પિટલમાં ફરી એક વખત મા-બાપ માટે ચિંતાજનક અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. માત્ર નવ મહિનાની ઉંમરની સાક્ષી બાવરી રાજસ્થાનના ભીમપુરની રહેવાસી છે. ૧૫મી ઓક્ટોબરે સાંજે સાક્ષીની માતાએ એના મોઢામાં પેનના પ્લાસ્ટિકનો ટુકડો જોયો અને એને કાઢવાની કોશિશ કરી પરંતુ નાકામ રહી અને પછી તરત જ સાક્ષીને ખૂબ જ શ્વાસોશ્વાસ વધી ગયો હતો. આસપાસની હોસ્પિટલો અને રાજસ્થાનમાં ઘણી બધી જગ્યાએ ફર્યા પછી એમને કોઈએ કહ્યું કે, 'તમે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પહોંચી જાઓ તો તમારો ઉપચાર તરત જ થઈ જશે.' ત્યારબાદ સવારે લગભગ ૮ વાગ્યાની આસપાસ સાક્ષીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ આવવામાં આવી ત્યારે એની હાલત ખૂબ જ ગંભીર હતી. શ્વાસોશ્વાસ ખૂબ વધારે હતો. ઓક્સિજન સેચ્યુરેશન પણ આપણે એવું કહીશું કે, ૫૫થી ૬૦ની વચ્ચે રહેતું હતું. પહેલી વખત એવું થયું છે કે પેશન્ટની સ્ટ્રોંગ હિસ્ટ્રી અને મધરના સ્ટ્રોંગ સ્ટેટમેન્ટના આધારે સાક્ષીને ઈમરજન્સીમાં બ્રોકોસ્કોપી કરવામાં આવી અને આશ્ચર્યચકિત થઈ જાય એવી વાત એવી છે કે, એના જમણા ફેફસામાં પ્લાસ્ટિકનો ટુકડો જે પેનના ઢાંકણાનો એક ભાગ હતો એ ફસાઈ ગયેલો એને સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યો. એક વખત આ ફોરેન બોડી નીકળી ગઈ પછી સાક્ષીની તબિયત એકદમ સુધારા પર આવી ગઈ હતી. ઈમર્જન્સી બ્રોકોસ્કોપીમાં ડૉ. રાકેશ જોષી, ડૉ?. કલ્પેશ પટેલ, ડૉ. ભાવનાબેન અને ડૉ.નમ્રતાબેનનો ખૂબ મોટો સહયોગ રહ્યો અને એક ટીમ તરીકે સૌએ સાથે મળી અને એકબીજાના કોર્ડિનેશનમાં આ કોમ્પ્લેક્સ સર્જરી સારી રીતે પાર પાડી હતી.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ અને બાળરોગ સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોશીએ આ અંગે જણાવ્યુ હતુ કે, 'છેલ્લા બે વર્ષમાં ૫૧ બાળકોએ પીડીએફ સર્જરીમાં શ્વાસોશ્વાસની ક્રિયા અચાનક વધવાથી અને કોઈ ડેફિનેટ ફોરેન બોડી શ્વાસનળીમાં ઉતરી જવાની હિસ્ટ્રી સાથે દાખલ થઈ હતી અને તેમાંથી ૫૦% જેટલા બાળકો એક વર્ષથી નાની ઉંમરના છે.

દરેક મા-બાપે ખાસ ધ્યાન રાખવાની એવી વસ્તુ એ જ છે કે જ્યારે બાળકો પાંચ વર્ષથી નાની ઉંમરના હોય ત્યારે આ પ્રકારની ફોરેન બોડી એના શ્વાસનળીમાં ન જાય અથવા મોઢામાં ન જાય એની ખાસ કાળજી લેવી જોઈએ જેથી કરીને આવી ઈમરજન્સી સિચ્યુએશનમાં હોસ્પિટલમાં દોડવું ન પડે.

## વિશેષ લેખ

### આપણી ગેલેક્સીમાં ઘણાં એસ્ટરોઇડ્સ છે જેમાં ઘણાં બધાં પાણી છે

# એકમાત્ર આપણી પૃથ્વી પર આટલુ બધું પાણી ક્યાંથી આવ્યું?



સાંપ્રત પ્રવાહો
લેખક : દીપક જગતાપ

આજે ૮ જૂન, વિશ્વ મહાસાગર દિવસ છે. આજે આપણે અફાટ સાગર ના પાણી ની વાત કરવી છે.સમગ્ર બ્રહ્માંડ મા અસંખ્ય ગ્રહો, ઉપ ગ્રહો,ગેલેક્ષીઓ આવેલી છે પણ એક માત્ર પૃથ્વી પર જ જીવનજોવા મળ્યું છે. જેનું એક માત્ર કારણ પાણી. હા, પૃથ્વી પરભરપૂર માત્રામાં પાણી છે. નદી, તળાવો, મહાસાગર, બર્ફીલા પ્રદેશ, વરસાદને કારણે પૃથ્વી પર પ્રચુર માત્રા પાણી છે. પણ સવાલ એ ઉપસ્થિત થાય છે કે કોઈ પણ ગ્રહ પર નહીં અને માત્ર પૃથવી પર જ પ્રચુર માત્રામાં પાણી કેમ છે? અને સૌથી મોટો પ્રશ્ન તો એ છે કે આટલુ બધું પાણી પૃથ્વી પર આવ્યું ક્યાંથી? એ અંગે વિજ્ઞાનીઓએ ઘણા સંશોધનો કર્યા છે.


આપણી ગેલેક્સીમાં ઘણા તૂટી રહેલા તારાઓનો સમાવેશ થાય છે જે એક એસ્ટરોઈડના અવશેષો છે. તેઓ નક્કર પથ્થરના દડાના રૂપમાં તારા પર પડ્યા કરે છે. એસ્ટરોઈડ વાતાવરણનું નિરીક્ષણ કરનારા વૈજ્ઞાનિકોના જણાવે છે કે એસ્ટરોઈડ પથ્થરમાંથી બને છે, પરંતુ તેમાં પણ ઘણું પાણી હોય છે. આ પરિણામના આધારે, આ સવાલનો જવાબ શોધી શકાય છે, પૃથ્વી પરનું પાણી ક્યાંથી આવ્યું?

વૈજ્ઞાનિકોનો અંદાજ છે કે આપણી ગેલેક્સીમાં ઘણાં એસ્ટરોઈડ્સ છે જેમાં ઘણાં બધાં પાણી છે. આ પાણી ગ્રહોને પાણી પહોંચાડે છે અને જીવન તરફ દોરી જાય છે. યુ.કે.ની યુનિવર્સિટી ઓફ વોરિકના સંશોધનકર્તા રોબર્ટો રેડી કહે છે, 'અમારા સંશોધનથી જાણવા મળ્યું છે કે જે રીતે ઝાઝા પાણી વાળા શુદ્ર ગ્રહ ની વાત થઈ રહી છે,એવા શુદ્ર ગ્રહ આપના સૌરમંડળ માં વધારે મળી આવે છે. વિજ્ઞાનીઓનું અનુમાન છે કે ઘણા સમય પહેલા, પૃથ્વી ખૂબ જ સૂકી અને ઉજ્જડ હોવી જોઈએ. તે વધુ પાણી સાથે કોઈ ગ્રહ સાથે ટકરાઈ ગયું હોવું જોઈએ અને તે પછી તે ગ્રહનું પાણી પૃથ્વી પર આવી ગયું હશે.

આ સંશોધનને વિશ્વસનીય બનાવવા માટે, રેડીએ બતાવવું પડ્યું ઉચા પાણી સાથે એસ્ટરોઈડની હાજરી સામાન્ય છે. આ માટે, તેમને જૂના વાયર વિશે જાણવાની જરૂર હતી. જ્યારે તારો તેના અંત તરફ આગળ વધે છે, ત્યારે તે સફેદ વામન તારામાં ફેરવાય છે. તેનું કદ નાનું હોઈ શકે છે પરંતુ તેના ગુરુત્વાકર્ષણ બળમાં કોઈ ઘટાડો નથી. તેની પાસે આસપાસના એસ્ટરોઈડ્સ અને ધૂમકેતુઓને તેના વાતાવરણમાં ખેંચીને ખેંચવાની શક્તિ છે.

આ ટકરાવો છતી કરે છે કે આ પત્થરો કયાં બનેલા છે. ઓક્સિજન અને હાઈડ્રોજન જેવા રાસાયણિક તત્વો પ્રકાશને જુદા જુદા શોષી લે છે. રેડની રિસર્ચ ટીમે મૃત્યુ પામેલા વાયર પર પડતા પ્રકાશની પેટર્નનો અભ્યાસ કર્યો છે. આ અભ્યાસ કેનેરી આઈલેન્ડ્સ પર સ્થિત વિલિયમ હર્ષેલ ટેલિસ્કોપની મદદથી કરવામાં આવ્યો હતો. રેડી અને તેના સાથીઓએ ૫૦૦ પ્રકાશ વર્ષ દૂર સમાપ્ત થતા વાયર પર સંશોધન કર્યું હતું. તેણે વિખરાયેલા એસ્ટરોઈડ્સના રાસાયણિક સંતુલનનો અંદાજ કાઢવાનો પ્રયાસ કર્યો. તેઓએ શોધી કાઢ્યું કે તેઓ પાસે પથ્થર ઉપરાંત પુષ્કળ પાણી છે.

રોયલ એસ્ટ્રોનોમિકલ સોસાયટીની માસિક નોટિસમાં, આ સંશોધકોએ લખ્યું છે કે પર્યાપ્ત પાણીવાળા એસ્ટરોઈડ ગેલેક્સીના અન્ય ગ્રહોમાં પાણી લાવી શકે છે. રેડીએ તારણ કાઢ્યું, 'ઘણા એસ્ટરોઈડ્સ પર પાણીની હાજરી શક્યતાને મજબૂત કરે છે કે આપણા મહાસાગરોમાં પાણી શુદ્ધ ગ્રહો સાથે ટકરાવાથી આવ્યું છે.'



તાજેતરમા વૈજ્ઞાનિકોએ આપણા સૌરમંડળની બહારના ઘણા ગ્રહો શોધી કાઢ્યા છે. એકલા કેપ્લર ટેલિસ્કોપે ૧૦૦૦ થી વધુ ગ્રહો શોધી કાઢ્યા છે. આવા બાહ્ય ગ્રહો પર જીવન પણ આવી શકે છે. જો તે પૃથ્વીના કદ સમાન હોય અને તેમના તારાના 'ગોલ્ડિલોક્સ ઝોન' માં હોય, એટલે કે પૃથ્વીની જેમ, જ્યાં તાપમાન ન તો ખૂબ ઉચું અથવા ખૂબ નીચું હોય, તો તેમના પર જીવનની સંભાવના છે. સંશોધનનાં સહ-લેખક અને યુનિવર્સિટી ઓફ વોરિક બોરિસ ગેંસીકના જણાવ્યા મુજબ, જળ-જથ્થોથી ગ્રહિત ગ્રહ પણ આવા ગ્રહો સુધી પાણી પહોંચ્યા હશે. આપણે જાણીએ છીએ કે પાણી વિના જીવનના અસ્તિત્વની કલ્પના કરી શકાતી નથી. જો કે, ગેન્સિક એવું પણ માને છે કે જો કોઈ બાહ્ય ગ્રહ પર જીવનની હાજરી હોય તો પણ તેને શોધી કાઢવું ખૂબ મુશ્કેલ રહેશે.

હવે આપણી પૃથ્વી પર કેટલું પાણી છે તે જાણીએ આપણી પૃથ્વીની સપાટી પર પાણીની વિપુલ માત્રા એ પૃથ્વીનું એક એવું અદ્વિતીય પાસું છે.જે તેને સૌરમંડળમાં "ભૂરા ગ્રહ' તરીકે બીજા ગ્રહોથી જુદી પાડે છે. પૃથ્વીનું જળમંડળ મુખ્યત્વે મહાસાગરોનું બનેલું છે પણ આમ જોવા જઈએ તો તેમાં વિશ્વના તમામ જળાશયો- ભૂમધ્ય સમુદ્રો, સરોવરો, તળાવ, નદી અને ૨,૦૦૦ મી.ના ઊંડાણે આવેલા ભૂતળના જળનો પણ સમાવેશ થાય છે. દરિયામાંની સૌથી ઊંડી જગ્યા પૅસિફિક મહાસાગર માં મરિઆના ખાઈની ચેલેન્જર ડીપ છે, જે -૧૦,૯૧૧.૪ મી. ઊંડાઈ ધરાવે છે. મહાસાગરોની સરેરાશ ઊંડાઈ ૩,૮૦૦ મી. હોય છે, જે ખંડોની સરેરાશ ઊંચાઈ કરતાં ચારગણી છે. મહાસાગરોનું દળ લગભગ ૧.૩૫X૧૦૧૮ મેટ્રિક ટન અથવા તો પૃથ્વીના કુલ દળના ૧/૪૪૦૦ ભાગ જેટલું છે અને તે૧.૩૮૬X૧૦૯ કિ.મી.૩ જેટલો વિસ્તાર રોકે છે.

જો પૃથ્વી પર જમીન એકસરખી સપાટ રીતે વિસ્તરેલી હોત તો પાણીની સપાટી ૨.૭ કિ.મી. કરતાં પણ વધુ ઊંચાઈએ હોત. ચહી ૧૫ૃ આશરે ૯૭.૫% પાણી ખારું/ક્ષારયુકત છે જયારે બાકીનું ૨.૫% પાણી તાજું છે. આ તાજા પાણીનો મોટો ભાગ, આશરે ૬૮.૭%, અત્યારે બરફ સ્વરૂપે છે.

મહાસાગરોના કુલ દળનો લગભગ ૩.૫% ભાગ નમક મીઠાંનો બનેલો છે. મીઠાંનો આ જથ્થો કાં તો જવાળામુખીમાંથી મુકત થયો હોય છે અથવા તો પછી ઠંડા પડેલા અગ્નિકૃત ખડકોમાંથી ખેંચાયેલો હોય છે. ઘણી દરિયાઈ જીવ-સૃષ્ટિના અસ્તિત્વ માટે આવશ્યક એવા વાતાવરણમાંના ઓગળેલા વાયુઓ પણ મહાસાગરમાં સંગ્રાહાયેલા હોય છે. વિશ્વના હવામાનને દરિયાના પાણી ખૂબ મહત્ત્વપૂર્ણ રીતે અસર કરે છે.

અવકાશમાંથી પૃથ્વીનું અવલોકન કરતી વખતે સૌ પ્રથમ પ્રવાહી પાણીના સમુદ્રોનજરે પડે છે. સપાટીના ક્ષેત્રની દ્રષ્ટિએ, સમુદ્રો પૃથ્વીનો આશરે ૭૦% હિસ્સો આવરી લે છે.

પૃથ્વીના વાતાવરણની જેમ, જીવન ટકાવી રાખવા માટે પ્રવાહી પાણીની હાજરી એ જરૂરી માપદંડ છે. વિજ્ઞાનીઓ માને છે કે પૃથ્વી પરનું જીવન પ્રથમ ૩..૮ અબજ વર્ષો પહેલાં ઉભરી આવ્યું હતું, અને તે સમુદ્રમાં હતું, અને જમીન પર ખસેડવાની ક્ષમતા ખૂબ પાછળથી જીવંત વસ્તુઓમાં દેખાઈ હતી.

વિજ્ઞાનીઓઓ બે કારણોસર પૃથ્વી પર મહાસાગરોની હાજરીને સમજાવે છે. આમાં પ્રથમ પૃથ્વી પોતે છે. એવી અટકળો છે કે પૃથ્વીની રચના દરમિયાન, ગ્રહનું વાતાવરણ પાણીના વરાળના મોટા પ્રમાણમાં કબજે કરવામાં સક્ષમ હતું. સમય જતાં, ગ્રહની ભૌગોલિક પદ્ધતિઓ, મુખ્યત્વે તેની જ્વાળામુખીની પ્રવૃત્તિ, આ જળ વરાળને વાતાવરણમાં છોડી દેતી, જેના પછી, વાતાવરણમાં, આ બાષ્પ ઘટ્ટ થઈ ગયો અને પ્રવાહી પાણીના સ્વરૂપમાં ગ્રહની સપાટી પર પડ્યો. બીજો સંસ્કરણ સૂચવે છે કે ભૂતકાળમાં પૃથ્વીની સપાટી પર પડતા જળનો સ્રોત ધૂમકેતુઓ હતો, બરફ જે તેમની રચનામાં પ્રચલિત હતો અને પૃથ્વી પરના જળસંગ્રહની રચના કરતો હતો. જ્યાં સુધી પૃથ્વી પર પાણી હશે ત્યાં સુધી પૃથ્વી પર જીવન ધબકતું રહેશે એ નક્કી છે.

## હાર્દિક પંડ્યાનીની જગ્યાએ અક્ષર પટેલને સામેલ કરવામાં આવી શકે



। નવી દિલ્હી, તા.૨૮ ।

વર્લ્ડ કપની યજમાન ટીમ ઈન્ડિયા પોતાના વિજયરથ આગળ વધારી રહી છે. અત્યાર સુધી રમેલી પાંચમાંથી પાંચ મેચ જીતીને ટીમ ઈન્ડિયા પોઈન્ટ ટેબલમાં ટોપ પર છે. વર્લ્ડ કપની આ ટુર્નામેન્ટના ઓપનિંગમાં જ શાનદાર ફોર્મ ચાલતી રહેલો ટીમનો ઓપનર શુભમન ગિલ બીમાર થઈ ગયો હતો. ટુર્નામેન્ટની મધ્યમાં હાર્દિક પંડ્યા ઈજાગ્રસ્ત થઈને ટીમમાંથી બહાર બેઠો છે. આવી વિપરિત પરિસ્થિતિઓમાં પણ ટીમ ઈન્ડિયાએ વર્લ્ડ કપમાં પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. હવે ટીમ ઈન્ડિયાની સેમિફાઈનલમાં એન્ટ્રી બહુ દૂર નથી. માત્ર ૨ જીત અને ભારતીય ટીમ સેમી ફાઈનલમાં છે. પરંતુ ટીમનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા મોટી મેચો પહેલા ઈજાગ્રસ્ત થવો એ ચિંતાનો વિષય છે. તમને જણાવી દઈએ કે હાર્દિક ઈંગ્લેન્ડ સામેની મેચમાં રમશે તે નિશ્ચિત માનવામાં આવતું હતું, પરંતુ એવું ન થઈ શક્યું. તેને મેદાનમાં પરત ફરવામાં હજુ ૨ અઠવાડિયા લાગી શકે છે. દરમિયાન, એક ભારતીય ઓલરાઉન્ડર ફિટ થઈને મેદાનમાં પાછો ફર્યો છે અને ચોગ્ગા અને છગ્ગા ફટકારી રહ્યો છે. શક્ય છે કે હાર્દિકની જગ્યાએ આ ખેલાડીને ટીમમાં સામેલ કરવામાં આવે.

ટીમ ઈન્ડિયાનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા ઈજાના કારણે મેદાનની બહાર છે. તેને સંપૂર્ણ રીતે ફિટ થવામાં ઓછામાં ઓછા બે અઠવાડિયા લાગી શકે છે. હાર્દિકના સ્વાસ્થ્ય વિશે અપડેટ આપતા, મ્ઝ્રઝ્રૈંના અધિકારીએ કહ્યું, 'નીતિન પટેલની આગેવાની હેઠળની મેડિકલ ટીમ બેંગલુરુના નેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં તેનું નિરીક્ષણ કરી રહી છે. ઈજા થોડી વધુ ગંભીર લાગે છે. તેને અસ્થિબંધનની નાની ઈજા થઈ હોય તેવું લાગે છે જેને સાજા થવામાં સામાન્ય રીતે ઓછામાં ઓછા બે અઠવાડિયા લાગે છે. તેની ઈજા ઠીક થાય તે પહેલા દ્બઝ્રછ તેને છોડશે નહીં. મેડિકલ ટીમે ટીમ મેનેજમેન્ટને કહ્યું છે કે તેઓને આશા છે કે તે જલ્દી મેદાન પર પાછો ફરશે. ભારતીય ટીમનો ઓલરાઉન્ડર અક્ષર પટેલ સંપૂર્ણપણે ફિટ થઈને મેદાનમાં પાછો ફર્યો છે. તમને જણાવી દઈએ કે અક્ષર વર્લ્ડ કપ ટીમનો ભાગ હતો, પરંતુ એશિયા કપમાં ઈજાગ્રસ્ત થતાં તેને પડતો મુકવો પડ્યો હતો. તેના સ્થાને આર અશ્વિનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. એશિયા કપ દરમિયાન તેને ઈજા થઈ હતી, જેના પછી તે ફાઈનલ પણ રમી શક્યો નહોતો. એવું માનવામાં આવતું હતું કે તેને સ્વસ્થ થવામાં ઘણો સમય લાગશે.

# ન્યૂઝીલેન્ડ સામે ઓસ્ટ્રેલિયાની રોમાંચક જીત, ૫ રનથી મેચ હારી ગઈ કીવી ટીમ

। ધર્મશાલા, તા.૨૮ ।

વર્લ્ડ કપ ૨૦૨૩ની ૨૭મી મેચમાં ઓસ્ટ્રેલિયાએ ન્યૂઝીલેન્ડને ૫ રનથી હરાવી દીધું. હિમાચલ પ્રદેશના ધર્મશાલામાં રમાયેલી આ મેચમાં ઓસ્ટ્રેલિયાએ પહેલા બેટિંગ કરતા ૪૯.૨ ઓવરમાં ૩૮૮ રન બનાવ્યા હતા. જેના જવાબમાં કીવી ટીમ ૫૦ ઓવરમાં ૩૮૩ રન જ બનાવી શકી. ઓસ્ટ્રેલિયાની આ સતત ચોથી જીત છે. ૬ મેચમાં તેના ૮ પોઈન્ટ થઈ ગયા છે. તો વળી ન્યૂઝીલેન્ડી આ સતત બીજી હાર છે. તેની પણ ૬ મેચમાં ૮ પોઈન્ટ છે.

ઓસ્ટ્રેલિયા માટે વાપસી કરી રહેલા ટ્રેવિસ હેડે ૬૭ બોલમાં ૧૦૯ રનની ધૂંઆધાર ઈનિંગ્સ રમી હતી. ન્યૂઝીલેન્ડ માટે ગ્લેન ફિલિપ્સે ૧૦ ઓવરમાં ફક્ત ૩૭ રન આપીને ૩ વિકેટ લીધી હતી. ટ્રેંટ બોલ્ટે ૭૭ રન આપીને ૩ વિકેટ લીધી હતી. વોર્નરે આ મેચમાં પાંચ ચોગ્ગા અને છ છગ્ગા લગાવ્યા હતા. બંને વચ્ચે ૧૧૭ બોલમાં ૧૭૫ રનની ભાગીદારી નોંધાવ્યા બાદ ન્યૂઝીલેન્ડ ટીમ મેચમાં વાપસી કરવામાં સફળ રહી. હેડ ઈનિંગ્સની શરુઆતમાં જ વોર્નરથી વધારે આક્રમક હતો. ન્યૂઝીલેન્ડના બોલર તેમની સામે હાંફી ગયા હતા. તેમની બેટીંગ જોઈને એવું નહોતું લાગતું કે, લાંબા સમય બાદ ટીમમાં વાપસી જોવા મળી હતી.



કેમરુન ગ્રીનની જગ્યાએ ટીમમાં સામેલ હેડને ૭૦ રનના સ્કોર પર જીવનદાન પણ મળ્યું. મિશેલ સેંટનરે તેનો આસાન કેચ પાડ્યો હતો. તેના પાંચ રન બાદ રચિન રવિન્દ્રના બોલ પર જોરદાર ફટકો ગ્લેન ફિલિપ્સના હાથમાંથી નીકળી ગયો. આ બે અવસર ઉપરાંત હેડ અને વોર્નર ક્રીઝનો શાનદાર ઉપયોગ કરવા જોવા મળ્યા. અને મેદાનમાં ચારેતરફ રન બનાવ્યા.

### હવે ટાટા બનાવશે iPhone

# વિસ્ટ્રોનની ૧૨૫ મિલિયન ડોલરની ડીલને મંજૂરી મળી

। નવી દિલ્હી, તા.૨૮ ।

ટાટા ગ્રુપ હવે ભારતમાં iPhone (Apple iPhone) બનાવશે. ટાટા ગ્રૂપ સાથે તાઈવાનની કંપની વિસ્ટ્રોન ફેક્ટરીને હસ્તગત કરવાના ૧૨૫ મિલિયન ડોલરના સોદાને મંજૂરી આપવામાં આવી છે. ઈલેક્ટ્રોનિક્સ અને ટેક્નોલોજી મંત્રી રાજીવ ચંદ્રશેખરે શુક્રવારે સોશિયલ મીડિયા પર આ માહિતી આપી હતી. મંત્રીએ કહ્યું કે ટાટા ગ્રૂપ અઢી વર્ષમાં સ્થાનિક અને વૈશ્વિક બજારો માટે ભારતમાં ૈંઁર્રીહીનું ઉત્પાદન શરૂ કરશે. કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ગ્લોબસ ઈન્ડિયન ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓના વિકાસમાં તમામ રીતે સમર્થનમાં ઊભા છીએ. આ તે ગ્લોબલ ઈલેક્ટ્રોનિક બ્રાન્ડનું સમર્થન કરશે જે ભારતને પોતાના અવિશ્વસનીય નિર્માણ અને પ્રતિભા ભાગીદાર બનાવવા ઈચ્છે છે. ભારતને ગ્લોબલ ઈલેક્ટ્રોનિક્સ પાવર બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લક્ષ્યને સાકર કરવા ઈચ્છે છે.

### ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચેની મેચમાં પોસ્ટર વાયરલ થયું હતું

# હું એક દિવસ ભારત માટે રમીશ, લખનાર ઈર્યાશ અગ્રવાલને લોકોએ બિરદાવ્યો

### કેન્દ્રિય રમત-ગમત મંત્રી પણ ઈર્યાક્ષ અગ્રવાલને મળ્યા

। નવી દિલ્હી, તા.૨૭ ।

ભારતમાં ક્રિકેટને એક ધર્મ તરીકે જોવામાં આવે છે અને આ રમતને ચાહનાર વર્ગ ભારતમાં મોટો છે એટલે જ બાળકોમાં ક્રિકેટર બનવાની ઈચ્છા વધારે રહે છે ત્યારે ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલી મેચમાં એક પોસ્ટર ખુબ જ વાયરલ થયું હતું જેમાં એક બાળકે લખ્યું હતું કે હું એક દિવસ ભારત માટે રમીશ. કેન્દ્રિય રમત મંત્રી પણ તેને મળવા પહોંચ્યા હતા. ભારત-ન્યુઝીલેન્ડની મેચ દરમિયાન ઈર્યાક્ષ અગ્રવાલ નામના એક બાળકે પોસ્ટરમાં લખ્યુ હતું કે હું એક દિવસ ભારત માટે રમીશ મને યાદ રાખજો, ખાસ વાત એ છે કે કેન્દ્રિય રમત-ગમત મંત્રી અનુરાગ ઠાકુર પણ ઈર્યાક્ષ અગ્રવાલને મળ્યા હતા. અનુરાગ ઠાકુરે તેની તસવીર પણ એક્સ (અગાઉનું ટ્વિટર) પર શેર કરી હતી. આ તસવીર શેર કરતી વખતે અનુરાગ ઠાકુરે ક્રિકેટ રમવા અને ક્રિકેટ પ્રત્યે પ્રેમ દર્શાવવા બદલ ઈર્યાક્ષ અગ્રવાલની પ્રશંસા કરી હતી. આ ઉપરાંત કહ્યું હતું કે યુવાન ઈર્યાક્ષના દ્રઢ સંકલ્પ અને સપનાને જોઈને ખુબ જ આનંદ થયો. પ્લેકાર્ડથી પિચ સુધીની તમારી સફરની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ. આગળ લખ્યું કે અમે બધા સાથે મળીને તમારા સપનાને હકીકતમાં ફેરવીશું. આ તસવીર જોયા બાદ લોકો ઘણી પ્રતિક્રિયા પણ આપી રહ્યા છે. એક યુઝરે લખ્યું હતું કે ક્રિકેટ પ્રત્યેનો આવો જુસ્સો બહુ ઓછા લોકોમાં જોવા મળે છે. તો અન્ય એક યુઝરે લખ્યું હતું કે તમારા સપના પૂરા કરવામાં અમે બધા તમારી સાથે છીએ.

### પાકિસ્તાનને સતત ચોથી હારનો સામનો કરવો પડ્યો છે

# પાકિસ્તાન પાસે હજુ પણ સેમી ફાઈનલમાં પ્રવેશવાની તક

### હજુ પણ બાબર સેના સેમી ફાઈનલ માટે ક્વોલિફાય કરી શકે છે

। નવી દિલ્હી, તા.૨૮ ।

બાબર આઝમની કેપ્ટનશીપ વાળી પાકિસ્તાન ક્રિકેટ ટીમ માટે હાલ ભારતમાં ચાલી રહેલા વનડે વર્લ્ડ કપમાં કઈ પણ યોગ્ય થઈ રહ્યું નથી. શુક્રવારે દક્ષિણ આફ્રિકા સામે ચેન્નાઈના એમએ ચિદંબરમ સ્ટેડિયમમાં સતત ચોથી હારનો સામનો કરવો પડ્યો. દક્ષિણ આફ્રિકાએ તેમને રોમાંચક મુકાબલામાં ફક્ત એક વિકેટથી માત આપી.

આફ્રિકાની ટીમ આ જીત સાથે પોઈન્ટ ટેબલ પર ટોપ પર પહોંચી ગઈ છે. જ્યારે પાકિસ્તાન માટે વધુ મુશ્કેલી પેદા થઈ છે. જો કે આ બંને ટીમ વચ્ચેની મેચ વર્લ્ડ કપની સૌથી રોમાંચક મેચ બની રહી. જ્યાં સુધી કેશવ મહારાજે ચોગ્ગો ન ફટકાર્યો ત્યાં સુધી કોઈને ખબર નહતી કે કઈ ટીમ જીતશે. દક્ષિણ આફ્રિકાએ પાકિસ્તાનના મોઢામાંથી કોળિયો છીનવી લીધો હતો.

સતત ચોથી હાર બાદ પાકિસ્તાન હાલ છઠ્ઠા નંબરે છે. સેમી ફાઈનલમાં પહોંચવા માટે પાકિસ્તાને આ મેચ જીતવી ખુબ જ જરૂરી હતી. જો કે હજુ પણ બાબર સેના સેમી ફાઈનલ માટે ક્વોલિફાય કરી શકે છે. પરંતુ તેણે બીજી ટીમો પર વધુ નિર્ભર રહેવું પડશે.

પાકિસ્તાને પોતાની ત્રણેય મેચ મોટા માર્જિન સાથે જીતવી પડે. તેમનું શેડ્યુલ આ રીતે છે....

૩૧ ઓક્ટોબરે બાંગ્લાદેશ સામે મેચ
૪ નવેમ્બરે ન્યૂઝીલેન્ડ સામે મેચ
૧૧ નવેમ્બરે ઈંગ્લેન્ડ સામે મેચ

આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાએ પોતાની આગામી ૪માંથી ૩ મેચ જીતવી પડે. તેમણે ન્યૂઝીલેન્ડને હરાવવું પડે અને અન્ય તમામ મેચ હારવી પડે. આવામાં ઓસ્ટ્રેલિયા ૮ પોઈન્ટ સાથે લીગ સ્ટેજ ખતમ કરશે જ્યારે પાકિસ્તાનના ૧૦ પોઈન્ટ થાય.

### પાકિસ્તાન દ.આફ્રિકા સામેની મેચ એક વિકેટથી હારી ગયું

# હાર બાદ પાક.નો પેસ બોલર શાહિન આફ્રિદી રડી પડ્યો

### શાહીને ૧૦ ઓવરમાં ૪૫ રન આપીને ૩ વિકેટ ઝડપી

। ચેન્નાઈ, તા.૨૮ ।

સાઉથ આફ્રિકા અને પાકિસ્તાન વચ્ચે ચેન્નઈના એમ.એ ચિદમ્બરમ સ્ટેડિયમમાં વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની મેચ રમાઈ હતી. આ મેચમાં પાકિસ્તાન માટે જીતવું ખુબ જ જરૂરી હતું, પરંતુ એવું થયું નહીં.

સાઉથ આફ્રિકાની ટીમે આ રોમાંચક મેચમાં પાકિસ્તાનને ૧ વિકેટથી હરાવ્યું હતું. મેચ હાર્યા બાદ પાકિસ્તાની ખેલાડીઓ ખુબ જ નિરાશ થઈ ગયા હતા. આ દરમિયાન શાહીન આફ્રિદીનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે રડતો જોવા મળી રહ્યો છે.

સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે પાકિસ્તાન ટીમનો ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદી રડી રહ્યો છે અને તેના પાસે બેઠેલો અન્ય પાકિસ્તાની ટીમનો એક સભ્ય તેને ચૂપ કરાવવાનો પ્રયત્ન કરી રહ્યો છે. પરંતુ



શાહીન આફ્રિદી પોતાના આંસુ રોકી શક્યો નહીં. શાહીને સાઉથ આફ્રિકા સામે શાનદાર બોલિંગ કરી હતી. તેણે પાકિસ્તાનને જીતાવવાનો ખુબ પ્રયાસ કર્યો હતો પરંતુ તે ટીમને જીતાવવામાં અસફળ રહ્યો અને સાઉથ આફ્રિકાએ મેચ ૧ વિકેટથી જીતી લીધી હતી. પાકિસ્તાનની ટીમ પ્રથમ બેટિંગ કરતા ૪૬.૪ ઓવરમાં ૨૭૦ રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી. પાકિસ્તાન તરફથી બાબર આઝમ અને સઉદ શકીલે ફિફ્ટી ફટકારી હતી.

## ખરાબ અમ્પાયરિંગની ભજ્જીની દલિલની ધજ્જિયાં ઊડાડતો ગ્રિમ સ્મિથ

। ચેન્નાઈ, તા.૨૮ ।

સાઉથ આફ્રિકા અને પાકિસ્તાન વચ્ચે ગઈકાલે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ખુબ જ રોમાંચક મેચ રમાઈ હતી. આ મેચ ચેન્નઈના એમ. એ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં સાઉથ આફ્રિકાએ પાકિસ્તાનને અંતિમ ક્ષણમાં ૧ વિકેટથી હરાવ્યું હતું. પાકિસ્તાનની વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં આ ચોથી હાર હતી. જો કે ભારતીય ટીમના પૂર્વ દિગ્ગજ ઓફ સ્પિનર હરભજન સિંહે પાકિસ્તાનની હારનું કારણ ખરાબ અમ્પાયરિંગને ગણાવ્યું છે. બીજી તરફ હરભજનની આ વાતનો જડબાતોડ જવાબ સાઉથ આફ્રિકા ટીમના જ પૂર્વ કેપ્ટન ગ્રીમ સ્મિથે આપ્યો હતો. પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરતા ૨૭૦ રન બનાવ્યા હતા. જેના જવાબમાં સાઉથ આફ્રિકન ટીમે ૪૭.૨ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધો હતો. સાઉથ આફ્રિકાની ઈનિંગની ૪૬મી ઓવરમાં હરિસ રઉફે તબરેઝ શમ્સીને લગભગ એલબીડબલ્યુ આઉટ કરી દીધો હતો.

### નવાઝ શરીફની ઘરવાપસી બાદ રાજકારણમાં ગરમાવો

# મને જેલમાં ધીમું ઝેર આપીને મારી નાખવાનો પ્રયાસ થઈ શકે છે : ઈમરાન

। ઈસ્લામાબાદ, તા.૨૮ ।

પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફની ઘરવાપસી બાદ પાકિસ્તાનના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. પાકિસ્તાનમાં ચૂંટણીના વાગી રહેલા ભણકારા વચ્ચે હાલમાં જેલમાં બંધ પૂર્વ પીએમ ઈમરાનખાને આશંકા વ્યક્ત કરી છે કે, મને જેલમાં ધીમુ ઝેર આપીને મારી નાંખવાનો પ્રયત્ન થઈ શકે છે. કારણકે મેં દેશ છોડીને જતા હેવાનો ઈનકાર કરી દીધો છે. ઈમરાન ખાને સોશિયલ મીડિયા પર કરેલી ૫ ોસ્ટમાં કહ્યુ છે કે, હું દેશ છોડવા માટે તૈયાર નથી એટલે જેલમાં મારો જીવ લેવાનો વધુ એક પ્રયત્ન થઈ શકે છે. આ માટે સ્લો પોઈઝનનો ઉપયોગ પણ કરી શકાય છે.

ઈમરાન ખાન હાલમાં સિક્રેટ દસ્તાવેજો લીક કરવાના કેસમાં જેલના સળીયા પાછળ ધકેલાયેલા છે. તેમણે કહ્યુ હતુ કે, અત્યારે તો હું સ્વસ્થ છું પણ જો શરીરમાં નબળાઈ આવશે કે બીજા કોઈ ફેરફારો થશે તો મને ખબર પડશે. આ પહેલા પણ મારો જીવ લેવાના બે પ્રયત્નો થઈ ચુકયા છે. છેલ્લા કેટલાક દિવસોથી કાયદાની જે રીતે મજાક ઉડાવાઈ છે તે દેશના લોકોએ જોયુ છે. જે પણ થઈ રહ્યુ છે તે એક કાયર, ભાગેડુ અને ભ્રષ્ટ અપરાધી તેમજ તેના સાથીદારો વચ્ચે લંડનમાં થયેલી ડીલનુ પરિણામ છે.

## વિશેષ

### ભવ્ય અમૃત તિરંગા યાત્રા સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવેલી અમૃત કળશયાત્રાઓને સન્માન કરીને વધાવવામાં આવી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં અમદાવાદમાં 'મારી માટી, મારો દેશ' અભિયાન અંતર્ગત રાજ્યકક્ષાનો અમૃત કળશ મહોત્સવ યોજાયો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ અમૃત કળશ મહોત્સવ પ્રસંગે જણાવ્યું કે, દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ ઝડપથી વિકાસ પામ્યો છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગયા વર્ષે આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે આપણે અમૃત મહોત્સવની ઉજવણી કરીને અમૃતકાળમાં પ્રવેશ્યા છીએ.

'મારી માટી, મારો દેશ' અભિયાન વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આપણી આઝાદીના મૂળ વીર શહીદોના રક્ત અને પરિશ્રમથી સિંચાયેલા છે. દેશના ખૂણે ખૂણે અનેક વીરરત્નોએ ભારતમાતાની મુક્તિ માટે પોતાની જાન ખપાવી છે. આવા વીર સપૂતોને વંદન કરવા માટે માનનીય વડાપ્રધાનશ્રીએ 'મારી માટી, મારો દેશ' જનઅભિયાન શરૂ કરાવ્યું, જેણે દેશવાસીઓમાં અનેરી રાષ્ટ્રચેતનાનો સંચાર કર્યો અને દેશના વીર શહીદોની બલિદાની અને તેમના જીવનને સમજવાનો અવસર પૂરો પાડ્યો. આ પ્રસંગે વધુમાં વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન તરીકે માનનીય નરેન્દ્રભાઈ મોદીએ જ્યારથી દેશની ધૂરા સંભાળી છે ત્યારથી રોજેરોજ દેશદુનિયામાં આપણું ગૌરવ દિનપ્રતિદિન વધતું રહ્યું છે. સૌ દેશબાંધવો હંમેશા એકજૂટ થઈને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના નિર્માણમાં સહભાગી તેવા પ્રયત્નો વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સતતપણે કરવામાં આવી રહ્યાં છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. વડાપ્રધાનશ્રીના કાર્યકાળમાં લેવામાં આવેલા વિવિધ મહત્વના નિર્ણયો અને કાર્યક્રમો વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, પાછલાં ૯ વર્ષોમાં



માનનીય વડાપ્રધાનશ્રીના દૂરંદેશી નેતૃત્વમાં દેશનું ગૌરવ વધે તેવા અનેકવિધ નિર્ણયો લેવામાં આવ્યાં છે તથા વિવિધ કાર્યો અને કાર્યક્રમો યોજવામાં આવ્યાં છે. રામમંદિર નિર્માણ, કલમ ૩૭૦ નાબૂદી, ઓપરેશન દોસ્ત, કાવેરી, ગંગા, અજય જેવા ઓપરેશન થકી વિદેશોમાંથી આપણા નાગરિકો અને વિદ્યાર્થીઓને સલામત રીતે યુદ્ધ ક્ષેત્રોમાંથી પરત લાવવા સહિતના અનેકવિધ ગૌરવકાર્યો વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં પરિપૂર્ણ કરવામાં આવ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં વાત કરતા જણાવ્યું કે, 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમ અન્વયે કુલ ૨૯,૯૨૫ વીરો, વીરંગનાઓ અને તેમના પરિવારોનું સન્માન કરવામાં આવ્યું છે. ૨૧ લાખ જેટલા નાગરિકો અનોખી રાષ્ટ્રભાવના સાથે ધ્વજવંદન કાર્યક્રમમાં જોડાયા. રાજ્યભરમાંથી ગામે ગામથી માટી અને ચોખા એકત્રિત કરીને ૧૫,૦૦૦ જેટલા કળશ દિલ્હી ખાતે મોકલવામાં આવનાર છે, જે નિર્માણ પામનાર અમૃતવાટિકામાં ગુજરાતની અસ્મિતાને ધબકતી રાખશે. આઝાદીના અમૃતકાળમાં વડાપ્રધાનશ્રી દ્વારા આપવામાં આવેલા પાંચ સંકલ્પો સાથે રાખીને પોતાના કર્તવ્યપાલન થકી રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત સૌને વિનંતી કરી હતી.

નવસારીના સાંસદ શ્રી સી.આર.પાટીલે અમૃત કળશ મહોત્સવ પ્રસંગે પોતાના ઉદબોધનમાં જણાવ્યું કે, અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓના અમૂલ્ય બલિદાનના કારણે આપણને મળેલી મહામૂલી આઝાદી માટે શહાદત વહોરનાર દરેક વીર જવાનોને સાચી શ્રદ્ધાંજલિ આપવા દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં "મારી માટી, મારો દેશ" અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આમ, આ માતૃભૂમિને નમન કરવાના અને દેશના સપૂતોને શ્રદ્ધાંજલિ આપવાના આ અભિયાન થકી જન-જનમાં રાષ્ટ્રભાવના વધુ સબળ બની છે.

તેમણે વધુમાં કહ્યું કે, આ અભિયાન અંતર્ગત રાષ્ટ્રના રક્ષક વીરોનું સન્માન કરવામાં આવ્યું અને ગ્રામ્ય, પંચાયત, તાલુકા, શહેરી, સ્થાનિક સંસ્થા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન થકી આઝાદી કા અમૃત મહોત્સવની સાર્થક ઉજવણી કરવામાં આવશે. હવે દેશના ખૂણે ખૂણેથી માટીના કળશ દિલ્હી ખાતે લઈ જવામાં આવશે. દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક નજીક કળશ મારફતે ભેગી થયેલી માટીથી અમૃત વાટિકા તૈયાર કરવામાં આવશે. આમ, વડાપ્રધાનશ્રીના સંકલ્પથી નિર્માણ પામનાર અમૃત વાટીકા 'એક ભારત,શ્રેષ્ઠ ભારત'નું પ્રતિક બનશે એવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનને પગલે યોજાયેલા 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમમાં રાજ્યભરમાં અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડયો છે. દેશભરમાં શહીદોના બલિદાનને સન્માનવા માટે યોજાયેલા આ કાર્યક્રમમાં સૌ કોઈ અનોખા જોમ અને જુસ્સા સાથે સહભાગી થયા. રાજ્યભરમાં ૧૫ હજારથી વધુ ગામોમાં કળશ યાત્રાઓ યોજાઈ તથા આવનારી પેઢીને પોતાના શહીદોના બલિદાનનું મહત્વ સમજાવવા માટે શીલા ફલકમનું નિર્માણ કરવામાં આવ્યું. એટલું જ નહિ, ગામેગામ વૃક્ષારોપણ દ્વારા અમૃત વાટીકાનું નિર્માણ કરવામાં આવ્યું તથા ગામેગામથી પવિત્ર માટી એકઠી કરવામાં પ્રજાજનો સહભાગી થયા. આ એક ઐતિહાસિક ઉત્સવ છે એમ તેમણે ઉમેર્યું હતું. સ્વાગત ઉદબોધનમાં વધુ વાત કરતા ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના આહવાનને પગલે ગતવર્ષે પણ લોકો આ જ ઉત્સાહથી 'હર ઘર તિરંગા' કાર્યક્રમમાં સહભાગી થયા હતા. કોરોનાકાળમાં પણ આપણે આપણા ફ્રન્ટ લાઈન વોરિયર્સને સાથે મળીને વધાવ્યાં હતા અને તેમનું ઉત્સાહ વર્ધન કર્યું હતું. આજે આપણે આઝાદીના અમૃત કાળમાં ચંદ્ર સુધી પહોંચ્યા છીએ. આપણે આપણી મૂળ આસ્થાનું કેન્દ્ર એવી આપણી માટીને આ ભવ્ય કાર્યક્રમ દ્વારા નમન કરી રહ્યાં છીએ.

## તંત્રી લેખ...

# સોશ્યલ મીડિયાથી બાળકોને માનસિક પર પડનારા ઘાતક

ભારતમાં પણ સોશ્યલ મીડિયાના નશો યુવાઓના માથે ચડી જવા પર વારે-તહેવારે ચિંતા વ્યક્ત કરવામાં આવે છે. તેને કારણે એક તરફ તેમની એકાગ્રતા ભંગ થાય છે, ત્યાં જ માનસિક સ્વાસ્થ્ય સાથે જોડાયેલ ચિંતાઓ પણ પરેશાન કરનારી છે. દેશમાં કેટલાય એવા કિસ્સા ચમક્યા છે જ્યારે આ લતથી રોકનારા વાલીઓ પર કિશોરો દ્વારા પ્રાણઘાતક હુમલા કરવામાં આવ્યા છે. અસલમાં સોશ્યલ મીડિયાના નશાને નિયંત્રિત કરવા અને મોટી ટેક કંપનીઓને જવાબદાર બનાવવાની માંગ ભારત સહિત આખી દુનિયામાં ઊઠી રહી છે. હવે સોશ્યલ મીડિયાના સ્રોત અમેરિકાના ડઝનબંધ રાજ્યોએ યુવાઓના માનસિક સ્વાસ્થ્યને કથિત રૂપે નુકસાન પહોંચાડવાના આરોપ લગાવીને ફેસબુક તથા ઈન્સ્ટાગ્રામની માલિકીની કંપની મેટા પર કેસો કરી દીધા છે. ફરિયાદકર્તાઓએ આરોપ લગાવ્યો છે કે એક નશાની લત રૂપે સોશ્યલ મીડિયાને પ્રોત્સાહિત કરીને મોટો નફો કમાનારી કંપનીઓ પોતાના સામાજિક દાયિત્વોથી બચી રહી છે. સાથે જ તડજોડની કોશિશોથી પોતાના મનસૂબાને વિસ્તાર આપી રહી છે. નિઃસંદેહ દુનિયાભરમાં વાલીઓ, શિક્ષકો, દેખભાળ કરનારા અને નીતિ નિર્માતા વર્ષોથી સોશ્યલ મીડિયાથી બાળકોને માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર પડનારા ઘાતક પ્રભાવો વિશે ચેતવતા રહ્યા છે. કેટલીય શોધના નિષ્કર્ષ એ છે કે સોશ્યલ મીડિયા પર લાંબો સમય વિતાવવાને કારણે કિશોરોમાં અવસાદ, ચિંતા, અનિદ્રા અને ખાનપાન સંબંધી વિકારો જોવા મળ્યા છે. જ્યારે મેટાના અધિકારીઓની દલીલ છે કે તેમણે કિશોરો અને પરિજનોને સુરક્ષિત સુવિધા પ્રદાન કરવા માટે કેટલાય કારગત વિકલ્પ રજૂ કર્યા છે. કાનૂની પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન રહેવા દરમ્યાન યુવાઓ પર પડનારા પ્રભાવોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આરોપ છે કે આ લતથી ટેવાયેલા યુવાઓમાં સંવેદનશીલતા ઓછી થઈ રહી છે. તેમનામાં આત્મબોધથી વિમુખ થવા અને કલ્યાણની ભાવના પ્રત્યે ઉદાસીન થવા જેવા ભાવ ઉપજે છે. ઉલ્લેખનીય છેકે બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ પ્રભાવ પાડનારા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મો દ્વારા બેજવાબદાર વ્યવહારને કારણે કેટલીય નામચીન કંપનીઓ મેટા, ટિકટોક અને યુટ્યૂબ પર અમેરિકામાં પહેલાં જ સેંકડો કેસો ચાલી રહ્યા છે. પરંતુ હાલની પહેલ અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી છે. આ મામલે જો નિર્ણાયક ફેંસલો આવશે તો પરિણામો વૈશ્વિક પ્રભાવી હોઈ શકે છે. લાંબા સમયથી જરૂરિયાત અનુભવાઈ રહી છે કે આ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મો માટે નવી ઓનલાઈન સુરક્ષાત્મક જોગવાઈ કરવામાં આવે. વિશેષજ્ઞોનું મંતવ્ય છે કે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ લગાવવો ઓનલાઈન સુરક્ષાનો વિકલ્પ ન હોઈ શકે, તેને બદલે ડિજિટલ સાક્ષરતા અને ગોપનીયતા પર ભાર મૂકવો જોઈએ. દેખીતું છે કે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ લગાવવાના માતા-પિતાના પ્રયાસોનો બાળકો વિરોધ કરશે. તેમને મોડી રાત સુધી સોશ્યલ મીડિયા પર રહેવાના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર પડનારા ઘાતક પ્રભાવો વિશે વાકેફ કરવા જોઈએ.

# સંસદમાં પૈસા લઈને પ્રશ્ન પૂછવાનો ખેલ

તૃણમૂલ કોંગ્રેસનાં આખાબોલાં સાંસદ મહુઆ મોઈત્રા સાથે જોડાયેલી ઘટનાથી ૧૮ વર્ષ પહેલાંની સ્મૃતિઓ તાજી થઈ ગઈ. ૨૮ ડિસેમ્બર, ૨૦૦૫ના રોજ નાણાં લઈને સંસદમાં પ્રશ્ન પૂછવાના આરોપમાં લોકસભાના ૧૦ તથા રાજ્યસભાના એક સદસ્યને બરખાસ્ત કરી દેવામાં આવ્યા હતા. તેમાં ભાજપના છ, બસપાના ત્રણ અને કોંગ્રેસ તથા રાજદના એક-એક સાંસદ સામેલ હતા. મહુઆ મોઈત્રા સાથે શું ફરી ઈતિહાસની પુનરાવૃત્તિ થશે? તેનો જવાબ હજુ ભવિષ્યની ગર્તામાં પડ્યો છે. ભાજપના સાંસદ નિશિકાંત દુબેના આરોપ બાદ કેસને લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ આચાર સંહિતા સમિતિને સોંપી દીધો છે તથા સીબીઆઈ પણ તેની તપાસ કરી રહી છે. તૃણમૂલ કોંગ્રેસે આ મામલે ખુદને હજુ સુધી અલગ રાખી છે. સામાન્ય રીતે આક્રમક રહેનારી પાર્ટી જો સાર્વજનિક રૂપે મહુઆ મોઈત્રાનો સાથ આપવા અને કોઈ સ્ટેન્ડ લેવાથી બચી રહી છે તો તેનો અર્થ લોકો પોતાની સુવિધા અનુસાર કરી લે. ૨૦૦૫માં સાંસદો પર આરોપ લાગવાના ૧૧ દિવસની અંદર નિર્ણય થઈ ગયો હતો. ત્યારે એક ટીવી ચેનલે સ્ટીંગ ઓપરેશન કર્યું હતું, જેમાં સાંસદો દ્વારા પૈસા લઈને પ્રશ્ન પૂછવા માટે તૈયાર હોવાનો સંદેશ આવી રહ્યો હતો. જોકે સાંસદોએ પ્રશ્ન પૂછ્યા ન હતા અને ના પૈસા લેતાં દેખાયા હતા. સંસદના બંને સદનોએ તેના માટે એક-એક સમિતિ રચી દીધી અને તેમની ભલામણોના આધાર પર આરોપી સાંસદોની સદસ્યતા ખતમ કરી દેવામાં આવી. એટલે કે સ્ટીંગ ઓપરેશનને સાચું માની લેવામાં આવ્યું. સાંસદોએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો પરંતુ તત્કાલીન લોકસભા અધ્યક્ષ સોમનાથ ચેટર્જીએ કહ્યું કે સંસદ ફેંસલો કરવા માટે સ્વતંત્ર છે અને ન્યાયાલય હસ્તક્ષેપ ન કરી શકે. મહુઆ મોઈત્રા મામલે જોવા મળ્યું છે કે અદાણી સમૂહ પર આરોપ લગાવવા માટે તેમણે તેની પ્રતિસ્પર્ધી કંપની હીરાનંદાની સમૂહનો ઉપયોગ કર્યો. એક સાંસદ દ્વારા કોઈ કાર્પોરેટ સમૂહને સંસદનો પોતાનો ઈમેલ આઈડી અને પાસવર્ડ આપવો સામાન્ય રીતે હતપ્રભ કરનારું છે. રાષ્ટ્રીય સૂચના વિજ્ઞાન કેન્દ્ર (એનઆઈટી)એ પુષ્ટિ કરી છે કે મહુઆ મોઈત્રાનું સંસદનું ઈમેલ આઈડી દુબઈથી ઓપરેટ થયું હતું. હીરાનંદાની સમૂહના માલિક દર્શન હીરાનંદાનીએ પણ આચાર સંહિતા સમિતિને સોંપેલ સોગંદનામામાં કહ્યું છે કે અદાણી પર નિશાનો સાધવા માટે મહુઆ મોઈત્રાના ઈમેલ આઈડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમણે એવા પ્રશ્ન તૈયાર કર્યા, જેમને તે સંસદમાં ઉઠાવી શકતી હતી. આ પ્રશ્નોમાં મોદી સરકાર દ્વારા અદાણી સમૂહને અવાંછિત સહયોગ કરવાનો સંદેશ નીકળતો, જેનાથી સરકારને ભોંઠી પાડવામાં અને અદાણી સમૂહને નિશાનો બનાવવામાં મદદ મળે. દર્શન હીરાનંદાનીના સોગંદનામા બાદ મામલો ગંભીર થઈ જાય છે. શું આને એક સાંસદના આચરણને અનુરૂપ માની શકાય જે બંધારણ અને ગરિમાના શપથ લે છે? જે રીતે અદાણીને આધાર બનાવીને મોદી સરકારને કઠેરામાં ઊભી કરવાનું અભિયાન ચાલ્યું અને વિદેશી શક્તિઓ પણ તેમાં સામેલ થઈ, ત્યારબાદ સરકાર નિશ્ચિત રૂપે તેના મૂળ સુધી જવા માંગશે. અત્યાર સુધી જે તથ્યો સામે આવ્યા છે, તે એ તરફ સંકેત કરે છે કે મહુઆ મોઈત્રા રાજકીય રૂપે મોદી સરકારને ઘેરવા માંગતાં હતાં અને વડાપ્રધાને સત્તાનો દુરુપયોગ કરીને અદાણી સમૂહને ગેરવાજબી લાભ આપવાનું સાબિત કરવા માંગતાં હતાં.

# વસુધૈવ કુટુંબકમની ભાવના એ જ માત્ર વિશ્વ શાંતિ અને કલ્યાણનો મંત્ર છે, એ મુદ્દે આખાં વિશ્વ એ સંમત થવું પડશે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

વર્તમાન પત્ર હોય કે ન્યુઝ ચેનલ, એટલે કે પ્રિન્ટ મીડિયા હોય કે ટીવી મિડિયા કે પછી સોશ્યલ મીડિયા પર, અત્યારે સેન્સેક્સ માં કડાકો બોલાયો, અને દિવાળી વખતે જ રોકાણકારોને બહુ મોટું નુકશાન થયું. મચ્છલ સેક્ટરમાં ભારતીય વાયુસેના અને આતંકવાદી વચ્ચે અથડામણ, અને એવાં બીજાં લોકલ ન્યુઝ હોય છે. પણ મોટેભાગે ઈઝરાયલ અને હમાસની જ ચર્ચા ચાલતી જોવા મળે છે. આપણને એમ થાય કે ચાર ચાર મહિના થયા તોય હજી રશિયા યુક્રેનનું યુદ્ધ પૂરું થવાનું નામ નથી લેતું! કેનેડામા ખાલિસ્તાનીનો બળવો અમેરિકામાં ગોળીબાર અને ૨૫ ના મોત. બીજી બાજુ ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ શરૂ થયું છે, અને જો યુદ્ધ પૂરું નહીં થાય તો ત્રીજા વિશ્વયુદ્ધ થશે એવી શક્યતાઓ પણ દેખાય છે. શું આમ સતત કોઈ ને કોઈ કારણસર આમ અંદરોઅંદર બધા દેશ યુદ્ધ કરતાં રહેશે! શું શાંતિની કોઈ ને તલાશ નથી?

યુદ્ધનો પડાવ હોય કે મૈત્રીનો પડાવ, પણ એ છે તો અંતે કોઈ ને કોઈ માનવીની માનસિકતાનું કારણ! એવું મૂળ મુદ્દે સૌ કોઈ એ સમજવાની જરૂર છે. આપણે જો શાંતિ ના હિમાયતી હોઈએ, તો આપણે આવા યુદ્ધની માનસિકતા વાળા દેશને સપોર્ટ કરવાની બદલે શાંતિને સપોર્ટ કરનાર દેશનો સાથ દેવો જોઈએ, એવું વિશ્વના દરેક દેશના નાગરિકો એ વિચારવાનો સમય આવી ગયો છે. નહીં તો કોઈ બીજાની આ સતત યુદ્ધ અને એકબીજાની પ્રત્યે વધતી જતી ધૃણાનું પરિણામ આપણે ભોગવવું પડશે. યુદ્ધ કે લડાઈ એ અંતે નુકશાન કારક કે સર્વનાશ કરનાર છે, એ સત્ય જેટલું જલ્દી સમજાય! ત્યારે કંઈક થાય ! જોકે એવું નથી કે બધાની માનસિકતા યુદ્ધની જ છે! આપણી જેમ કેટલાય શાંતિના હિમાયતી છે, પરંતુ કોઈ શું કામ શાંતિથી જીવે? એવું વિચારવા વાળા પણ હોય છે, અને એવાં લોકોને કારણે વિશ્વ આખું અત્યારે સતત યુદ્ધના ભયાનક વાતાવરણમાં અશાંતિનાં માહોલમાં જીવવું પડે છે.

ભારતીય અને એમાં પણ ગુજરાતી સમાજમાં ત્રણ પ્રકારની માનસિકતા ધરાવતા લોકોનો સમુહ વધુ જોવા મળે છે. એક માનસિકતા પ્રમાણે, દુનિયામાં જે થવું હોય તે થયાં કરે આપણે આપણામાં જ રચ્યા પચ્યા રહેવાનું. બીજી માનસિકતા પ્રમાણે, સમસ્યા સમાજની હોય કે પરિવારની! કરવું કંઈ જ નહીં, પણ હવે શું થશે? હવે શું થશે? એમ વિચારીને વગર કારણે સતત ઉત્પાત કરતાં રહેવું. ત્રીજી સમાજમાં કોઈ ને કોઈ કારણથી ઉપદ્રવ વધે, એવું કરતાં રહેવું, એટલે કે સમાજની શાંતિનો ભંગ કરતાં રહેવું, જેને કારણે સીધાસાદા લોકોનું જીવન અશાંત બની જાય, અને એ વગર કારણે સ્ટ્રેસનો શિકાર બને. જેમકે ગુજરાત ભરમાં અને જ્યાં જ્યાં ગુજરાતી ઓ વસ્યા છે, એ તમામ જગ્યાએ નવરાત્રીમાં યુવાનોએ ધૂમ મચાવી દીધી છે, અને હવે શરદપૂર્ણિમાના ઉત્સવની તૈયારીઓમાં લાગી ગયા હશે. જોકે આ વખતે ગ્રહણને કારણે પ્રમાણમા થોડું ઓછું આયોજન થશે! અને ત્યાર બાદ દિવાળી જેવા મોટા અને મહત્વના તહેવારનું કાઉન્ટ ડાઉન શરૂ થઇ ગયું છે. શરદ પૂનમ જતાં બજારમાં પણ મંદી હોવા છતાં ખરીદીનો માહોલ બની ગયો છે. જે લોકો રજાઓમાં ફરવા જવાનો પ્રોગ્રામ બનાવ્યો હશે, એ એની વેતરણમાં પડ્યા હશે. ટૂંકમાં દુનિયા જાય ભાડ માં! એ તો પોતાના મનોરંજન અને સુખ સગવડનું જ વિચારે. તો આપણામાંના કેટલાય રોજ વૈશ્વિક અર્થતંત્રની, ત્યાંના કાયદાની અને ત્યાંની ફેશનની તેમજ ત્યાંના સામાજિક પ્રશ્નો વિશે ખોટી ખોટી ચર્ચા કરે છે. આપણાં સમાજમાં થતા સ્ત્રી પરના અત્યાચારના કે બલાત્કાર ની ચર્ચા કરે પણ એ લોકો અન્યાય સામે વધી વધીને મોરચો કાઢે! નારા લગાવે કે! પછી સભા સરઘસ ભરે અને પ્રસાસનની કમીઓ કાઢે! બસ એનાથી વધુ કંઈ નહીં. એટલે કે આવો બળવો કે વિદ્રોહ ના નારા લગાવ્યા છતાં અન્યને કે પોતાને નુકસાન ન થાય એવું વિચારીને જીવે.

પરતું ત્રીજી માનસિકતા ધરાવતા લોકો એટલે કે જે, પોતે જે કહે એ જ સાચું અને શ્રેષ્ઠ છે, માટે દુનિયા આખી એ એની વાત માની અને એ મુજબ જ જીવવું જોઈએ. એમાં પણ અત્યારે મોટાભાગે વિશ્વના બધાં જ દેશને પોતે મહાન છે, માટે મહાસત્તા બનવાની હોડમાં ભાગ લઈ યુદ્ધનું રણશિંગું ફૂંકે છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે જે યુદ્ધ ચાલી રહ્યું છે, એમાં મુખ્ય કારણ એ જ કે ગાઝા પટ્ટીનો વિસ્તાર ઈઝરાયલ પોતાના કબજામાં કરવા માંગે છે. મારી જેમ ઘણાંને એમ થતું હશે કે, આ હમાસ કોણ છે અને એને આટલી મદદ કોણ કરે છે કે આ આટલા મોટા મોટા હુમલા ઓ કરે છે? હમાસ એટલે એવો લોકોનું જૂથ કે સમુહ કે જે ઈઝરાયેલ સાથે દુશ્મનાવટ ધરાવે છે, અને તે પેલેસ્ટાઈન નું ઈસ્લામિક ઉગ્રવાદી સંગઠન છે. જેનો પાયો ૧૯૮૭ નાં જન આંદોલન વખતે શેખ અહેમદ યાસીન એ નાખ્યો હતો. કે જે ઈઝરાયેલને સ્વતંત્ર દેશ તરીકે ગણનામાં લેતો નથી, અને ગાઝા પટ્ટી પરથી ઈઝરાયેલના દબાણને હટાવવા માટે વારંવાર ઈઝરાયેલ પર હમલા કરે છે.

પેલેસ્ટાઈનના ઉગ્રવાદી સંગઠન હમાસ અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. ૭ ઓક્ટોબરની સવારે, હમાસે ઈઝરાયેલ તરફ લગભગ ૫,૦૦૦ રોકેટ છોડ્યા હતા. આ પછી ઈઝરાયલે હમાસ વિરુદ્ધ યુદ્ધની જાહેરાત કરી છે. ઈઝરાયેલે પેલેસ્ટાઈન અને ગાઝા પટ્ટીની સરહદે આવેલા વિસ્તારોમાં રહેતાં પોતાનાં નાગરિકોને તેમના ઘરમાં રહેવા કહ્યું છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં સાયરનનો અવાજ સંભળાઈ રહ્યો છે. એક રિપોર્ટ અનુસાર હમાસ ચીફ મોહમ્મદ દૈફે ઈઝરાયેલ પર હુમલા બાદ કહ્યું હતું કે 'બહુ થઈ ગયું. ઈઝરાયેલી કબજેદારોએ આપણા નાગરિકો સામે સેંકડો નરસંહાર કર્યા, તેમને ત્રાસ આપ્યો, અમે દુશ્મનોને પહેલેથી જ ચેતવણી આપી હતી, પરંતુ તેઓએ સાંભળ્યું નહીં. હવે અમે તેને વધુ સહન નહીં કરીએ...' હમાસે ઈઝરાયેલ વિરુદ્ધના ઓપરેશનને 'અલ અક્સા સ્ટોર્મ' નામ આપ્યું છે.

એટલે આવી સતત ક્યાંક ને ક્યાંક યુદ્ધના છમકલાં થયે રાખે છે. હમણાં જ ચિંતનના પરિવાર માંથી માનનીય અને સ્નેહી એવાં મધુકર કાકા એ એક વિડિયો મોકલ્યો હતો, જેમાં ઈઝરાયલની એક મહિલા હમાસની અસલી પ્રકૃતિ વિશે જણાવી રહી હતી, અને કહેતી હતી કે હમાસ ને સપોર્ટ કરવો, એટલે સામે ચાલીને હેવાનિયત ને નોતરું દેવું! એવો થાય છે, એ વીડિયોમાં તો સ્પષ્ટ પણે એણે બાળકી, કિશોરી, યુવતી, અને મહિલાઓ, સાથે હમાસ સંગઠનના હોદ્દેદારો કે કાર્યકર વર્તે છે, એ જોઈને એમ થાય કે આ કોઈ શેતાન છે! અને એવાં શેતાની જો શાસક બને તો પ્રજાની શું હાલત થાય ! એ વિચારીને પણ આંખે કમકમા આવી જાય! એ વીડિયોમાં તો અત્યંત હદય દ્રવિત કરનારી વાતો કહી હતી. જોકે આપણે ક્યાં નથી જાણતા કે જીવતા લોકોને રહેંસી નાંખતા પણ જે અચકાતા ન હોય, એને મન સ્ત્રી એક સાધનથી વધુ શું હોય શકે! પણ વાત અહીં માત્ર સ્ત્રીની પણ નથી, જન્મેલી કળી જેવી બાલિકા ઓને પણ એ છોડતા નથી, એટલી વિકૃત માનસિકતાથી સમસ્ત હમાસનુ સંગઠન એકઠું થયું છે.એવુ પણ નથી કે આવી ઈસ્લામિક વિચારધારા વિશે લોકો ચિંતિત નથી! ચોક્કસ છે! અને એટલે જ દુનિયાનાં મોટા મોટા દેશ એ ઈઝરાયેલને સપોર્ટ કર્યો છે, અને યુદ્ધ માટે શક્તિશાળી મિસાઈલ તેમજ અન્ય અદ્યતન વેપનની સહાય પણ કરી છે. પણ અંતે તો એ રીતે પણ યુદ્ધ તો ચાલું જ રહેશે!!! જે ચિંતા નો વિષય છે, એટલે આવા યુદ્ધ ન થાય ! એવી માનસિકતા કેળવવી એમાં જ વિશ્વભરની શાંતિનો મંત્ર છુપાયો છે. આપણી સનાતની સંસ્કૃતિની માનસિકતા એટલે કે વસુધૈવ કુટુંબકમની ભાવના એ જ માત્ર વિશ્વ કલ્યાણનો મંત્ર છે. જય હિન્દ.

# આતંકી સંગઠનોને સમર્થન આપતા કતારને પશ્ચિમી દેશોનું સમર્થન!

ભારત દ્વારા કેનેડાને પોતાના ૪૧ રાજદ્વારીઓને પાછા બોલાવી લેવા મજબૂર કરાયા બાદ અમેરિકા અને બ્રિટને પણ કેનેડાના સૂરમાં સૂર મિલાવતાં ભારતને સલાહ આપી. એના પર આશ્ચર્ય એટલે ન થાય, કારણ કે જે રીતે કેનેડા ખાલિસ્તાની તત્ત્વોને સંરક્ષણ આપી રહ્યું છે, એ જ રીતે અમેરિકા અને બ્રિટન પણ. કેનેડા, અમેરિકા અને બ્રિટનની જેમ કેટલાક બીજા પશ્ચિમી દેશો પણ આ જ કામ કરી રહ્યા છે. કેનેડામાં એ ખાલિસ્તાની તત્ત્વોને કંઈક વધારે જ સંરક્ષણ મળ્યું છે જે ભારતમાં વોન્ટેડ છે. કેનેડાની જેમ બ્રિટન પણ એ ખાલિસ્તાની તત્ત્વો વિરુદ્ધ કાર્યવાહી નથી કરી રહ્યું, જે ખાલિસ્તાનની માંગનો વિરોધ કરનારા શીખોને મારવાની ધમકીઓ આપતા રહે છે. આતંકી સંગઠન શીખ ફોર જસ્ટિસનો આતંકી વડો ગુરુપતવંત સિંહ પન્નુ રોજેરોજ ભારતને ખુલ્લી ધમકીઓ આપતો રહે છે, તેની પાસે અમેરિકા અને કેનેડા બંને દેશોની નાગરિકતા છે. આ બંને દેશ તેના વિરુદ્ધ કશું જ કરતા નથી. પન્નુની તાજી ધમકી એ છે કે ભારત સરકાર ઈઝરાયલ પર હમાસના હુમલાથી બોધપાઠ લે, નહિ તો તેને પણ ભયાનક હાલ જોવા મળશે. પશ્ચિમી દેશો માત્ર ભારત માટે ખતરો બનેલા તત્ત્વોને ખુલ્લી છૂટ જ નથી આપતા, બલ્કે તેઓ માનવાધિકારો અથવા અભિવ્યક્તિની સ્વતંત્રતાની આડમાં જાતજાતના જેહાદી તત્ત્વો વિરુદ્ધ પણ ત્યાં સુધી કશું નથી કરતા, જ્યાં સુધી તેઓ તેમના માટે ખતરો ન બની જાય. આ જ કારણે અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયાથી માંડીને યુરોપીય દેશોમાં જાહેર સ્થળો અને ત્યાં સુધી કે યુનિવર્સિટીઓમાં પણ એ હમાસનું મહિમામંડન થઈ રહ્યું છે, જેણે ગત ૭ ઓક્ટોબરે મધ્યયુગીન કાળના ઈસ્લામી આક્રમણખોરોની જેમ ઈઝરાયલમાં બર્બર હુમલા કરીને બાળકો, મહિલાઓ સહિત ૧૪૦૦ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા અને ૨૦૦થી વધુ લોકોને બંધક બનાવીને ગાઝા લઈ ગયા. આ બંધકોમાં અમેરિકા, બ્રિટન અને કેનેડાના પણ નાગરિક છે. ગાઝામાં હમાસનું પ્રભુત્વ છે. તેના ઘોષણાપત્રમાં એ લખ્યું છે કે તે ઈઝરાયલનું અસ્તિત્વ મિટાવીને રહેશે અમેરિકા અને તેના કેટલાય સહયોગી દેશોએ હમાસને આતંકી સંગઠન જાહેર કરેલું છે, પરંતુ તેઓ એ કતારને પોતાનું દોસ્ત માને છે, જ્યાં હમાસની ઓફિસ છે અને જ્યાં આ આતંકી સંગઠનના વડા એશોઆરામથી રહે છે. અમેરિકા, બ્રિટન અને કેનેડાના નેતા કતારને એ અરજ કરી રહ્યું છે કે તે પોતાના પ્રભાવનો ઉપયોગ કરીને તેના નાગરિકોને હમાસ પાસેથી છોડાવે. હમાસે બે અમેરિકી નાગરિકોને છોડી પણ દીધા છે. તેનો મતલબ છે કે હમાસ પર કતારનો સારો એવો પ્રભાવ છે. કેમ ન હોય, તે હમાસને દર વર્ષે સેંકડો કરોડ ડોલરની સહાયતા આપે છે! કતાર લેબેનોનમાં સક્રિય આતંકવાદી સંગઠન હિઝબુલ્લાને પણ સહાયતા આપે છે. આ જ કામ ઈરાન પણ કરે છે. કતારમાં મુસ્લિમ બ્રધરહૂડના વડાઓને પણ સંરક્ષણ મળેલું છે, જે મિસરમાં પ્રતિબંધિત છે. કતારે તાલિબાનને ૨૦૧૨માં જ પોતાની ઓફિસ ખોલવાની અનુમતિ આપી હતી. જ્યારે અમેરિકી સેનાઓ અફઘાનિસ્તાનને તાલિબાનના હુમલાથી બચાવી રહી હતી, ત્યારે તાલિબાન નેતા કતારની મહેમાનગતિ માણી રહ્યા હતા. કતાર ઈસ્લામિક સ્ટેટથી અલગ થઈને બનેલ આતંકી સંગઠન અલ નુસરા ફ્રંટને પણ સમર્થન આપતું રહ્યું છે. વાસ્તવમાં દુનિયામાં કદાચ જ કોઈ જેહાદી સંગઠન હશે જેને કતારે કોઈને કોઈ રીતે સહાયતા નહીં કરી હોય. તેમ છતાં તે અમેરિકાનું ખાસ દોસ્ત છે! અમેરિકાનો એક સૈન્ય અડ્ડો કતારમાં છે. તે અમેરિકાનું બિનનાટો સહયોગી દેશ પણ છે. પ્રતિ વ્યક્તિ આવકના હિસાબે કતાર દુનિયાનો સૌથી અમીર દેશ છે. તેની પાસે ધનની કમી નથી. માનવાધિકારના ખરાબ રેકોર્ડ અને આતંકી સંગઠનોને આશ્રય આપ્યા બાદ પણ તે પૈસાની તાકાતના જોરે પોતાને ત્યાં ફીફા વિશ્વ કપ આયોજિત કરાવવામાં સફળ રહ્યું. તેને એ સફળતા એટલા માટે મળી, કારણ કે પશ્ચિમી દેશોએ ફીફા વિશ્વકપની યજમાનીના કતારના દાવાનું સમર્થન કર્યું. આ વિશ્વકપ દરમ્યાન જેહાદી પ્રચારક ઝાકિર નાઈક પણ કતાર પહોંચ્યો હતો. જ્યારે એ સમાચાર આવ્યા કે કતારે તેને મહેમાન તરીકે બોલાવ્યો છે તો કતાર સરકારે તેનું ખંડન કર્યું, પરંતુ આશ્ચર્ય નહીં કે તેને ગુપચુપ રીતે બોલાવાયો હોય. એ સમજવું મુશ્કેલ છે કે કેટલાય આતંકી સંગઠનોને દરેક પ્રકારના સહયોગ, સમર્થન અને સંરક્ષણ આપવા છતાં પણ પશ્ચિમી દેશ તેને એમ કેમ નથી કહી શકતા કે તે પોતાની હરકતો બંધ કરે? અમેરિકા અને તેના સહયોગી દેશ ઈરાન વિરુદ્ધ તો ખૂબ ગર્જના કરે છે, પરંતુ કોઈ નથી જાણતું કે તેઓ કતારને કેમ કશું કહી શકતા નથી?

# લૌકિક રૂપમાં જેવી આસક્તિ છે તેવી ભગવદાસક્તિ થાય છે તો સંસારનું બંધન છૂટી જાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

જીવાત્માને બંધન થઈ શકતું નથી. તે તો મુક્ત જ છે. મનને બંધન છે. મનના બંધનથી,અજ્ઞાનથી આત્મા કલ્પે છે કે મને પણ બંધન થયું છે. આત્મા એ મનનો સાક્ષી છે,દ્દષ્ટા છે. મનમાં સ્વતંત્ર સત્તા નથી. એ આત્માની સત્તા લઈ કામ કરે છે. મન સ્વતંત્ર નથી.મન નપુંસક છે. મન વિષયોમાં ફસાય છે અને સુખદુઃખ મનને થાય છે તે આરોપ આત્મા પોતાનામાં કરે છે. આ ઉપર તુલસીદાસજીએ વાંદરા નું દૃષ્ટાંત આપ્યું છે.વાનરોને પકડવા પારધીઓ યુક્તિ કરે છે. તેઓ ચણાવાળી હાંડલીઓ વનમાં મૂકી રાખે છે અને પોતે સંતાઈ રહે છે. ઝટઝટ ચણા લેવાના લોભે વાનર બંને હાંડલીમાં નાંખે છે અને ચણાની મૂઠીઓ ભરે છે. પછી હાથ બહાર કાઢવા જાય છે, પણ હાંડલીના સાંકડા મોંમાંથી મૂઠી નીકળી શકતી નથી એટલે વાનરોને લાગે છે કે, તેના હાથ કોઈ ભૂતે અંદરથી પકડ્યા છે, પણ વાસ્તવમાં તેમના હાથ કોઈ ભૂતે પકડેલા નથી. ચણા હાથમાં થી છોડી દે તો તરત હાથ બહાર નીકળે. તેવી જ રીતે સંસાર હાંડલી છે. સંસારના વિષયો એ ચણા છે અને મન એ મર્કટ છે.એ મન અહંતા - મમતા રૂપી મૂઠીમાં વિષયોને પકડી રાખે છે, તેથી પોતે બંધનમાં આવે છે, પણ આત્મા માને છે કે મને બંધન થયું.

માયાએ સંસારરૂપી હાંડલીમાં વિષયોરૂપી ચણા ભર્યા છે.તું સમજીને આ વિષયો-ચણાને ફેંકી દે એટલે તું છુટો જ છે. કેટલાક વૃદ્ધો કહે છે કે, હવે આ છોકરીનાં લગ્ન થઈ જાય કે હું છૂટો.પણ છોકરીની છોકરી પરણી તો પણ ઘર છોડતા નથી. કહે છે કે હું તો તૈયાર છું પણ આ છોકરા ના પાડે છે. છોકરા વિચાર છે કે,ડોસો વૃંદા વન જશે તો પેન્શનના રૂપિયા ત્યાં સાધુ પાછળ વાપરી નાખશે અને ડોસો ઘરમાં રહેશે તો પેન્શન ના પૈસા ઘરમાં વપરાશે. કોઈ વખત બજારમાં શાકભાજી પણ આવશે બાબા-બેબીને રમાડશે રાત્રે અમારે ફરવા જવું હશે તો ઘર સાચવશે. ખરી વાત એ છે કે, ડોસાને ઘર છોડવું નથી એટલે છોકરાં જવા દેતાં નથી એમ કહે છે.

અનાદિ કાળથી મનને વિષયોનું ચિંતન કરવાથી આદત પડી છે, પણ તે જ મન જો શ્રીકૃષ્ણ કથાનું ચિંતન કરે, તો વિષયોનું ચિંતન કરવાની આદત છૂટે.ઈન્દ્રિયોના સ્વામી શ્રી કૃષ્ણ છે. ગોકુળની શ્રીકૃષ્ણલીલાનું આ તાત્પર્ય છે. ગોપીઓને મરતાં પહેલાં મુક્તિ મળે છે. મુક્તિ મર્યા પછી નહીં, પણ મર્યા પહેલાં મળે છે. ગોપી ભલે ઘરમાં રહે પણ તેનું મન ઘરમાં નથી, તેનું મન પ્રભુમાં છે. કોઈ પણ સાધન કર્યા વગર ધ્યાન ધર્યા વગર,ધારણ કર્યા વગર. ગોપીઓના મનને શ્રીકૃષ્ણ માં નિરોધ થયો છે. મહાપ્રભુએ કહ્યું કે, હું ગોપીઓને માર્ગ બતાવું છું. હું નવું કાંઈ કહેતો નથી.લૌકિક રૂપમાં જેવી આસક્તિ છે તેવી ભગવદાસક્તિ થાય છે તો સંસારનું બંધન છૂટી જાય છે.

શ્રી કૃષ્ણ સૌંદર્ય એવું છે કે, જેને જોયા પછી જગતનું સૌંદર્ય જોવું ગમતું નથી. એ સૌંદર્ય દેખાડી એક એક ઈન્દ્રિયને યુક્તિથી, વિષયોમાંથી હઠાવી પરમાત્મા પોતાની પાસે ખેંચી લે છે. પરિણામે અનાયાસે શ્રીકૃષ્ણ કથામાં તન્મયતા થાય છે. ભગવાનને પ્રાર્થના કરો કે, નાથ, મારા મનને ખેંચી લો. મારું મન શ્રીકૃષ્ણ વિના જગતના કોઈ જડ પદાર્થમાં ન જાઓ. પથરો પૂર્ણ જડ છે, મન પૂર્ણ જડ નથી. મન અર્ધચેતન અને અર્ધજડ છે. સંકલ્પ કરો તો મન હજારો માઈલ દૂર આવશે. મનનો જ્યારે લય થશે ત્યારે તે ઈશ્વરમાં જ થશે. મનનો લય જડ પદાર્થમાં થવાનો નથી.સજાતીય વસ્તુ સજાતીયમાં ભળે છે. દૂધમાં મીસરી ભળે છે તેમ સજાતીય વસ્તુ વિજાતીયમાં નહીં ભળે. દૂધમાં પથ્થર નાંખશો તો ભળશે નહીં. જે ક્ષણે ક્ષણે સરે છે તે સંસારનો પ્રત્યેક પદાર્થ નાશવાન છે. મન નહીં ભળે. મન ઈશ્વરમાં ભળશે. ઈશ્વર સિવાય કોઈ વસ્તુમાં મન ભળતું નથી.

ગોપીઓ શ્રીકૃષ્ણમાં મન રાખીને કામ કરતી. ઈશ્વરથી મન દૂર થશે તો બગડશે. ટૂંકમાં આપણે મનને મુક્ત કરવાનું છે, મનનો વિરોધ કરવાનો છે. મનને ઈશ્વર સાથે મેળવવાનું છે,

બનાવવાનું છે.ગોપીઓ જગતને ભૂલે અને શ્રીકૃષ્ણને એકલાને જ યાદ કરે છે. એને માટે આ શ્રીકૃષ્ણલીલા છે. તમે પણ શ્રીકૃષ્ણલીલામાં મન જોડી દો એટલે જગત ભૂલાશે.

મરીને જીવે અને જીવીને મરે એ જ ખરો શૂરવી. જ મરીને જીવે એને મુક્તિ મળે. મરણનું મરણ એ જ મુક્તિ છે. ગોપી ઘરનું કામ કરતી, પણ શ્રીકૃષ્ણ સાથે તે એવી તન્મય હતી કે, તે ન કરવાનું કામ કરી બેસતી એટલે ચૂલામાં લાકડાં સાથે રોટલી વણવાના વેલણ પણ બાળી મૂકતી.

કાળ ધક્કો મારે અને રડતાં રડતાં ઘર છોડીએ એના કરતાં સાવધાન થઈ સમજપૂર્વક ઘર છોડવું સારું. બુદ્ધિ પરમાત્માને પકડી શકતી નથી. બુદ્ધિની શેખી ત્યાં નથી ચાલતી. ઉપનિષદનું વચન છે કે, આ પરમાત્મા વેદોનું અધ્યયન કરવાથી મળતો નથી, બુદ્ધિચાતુરી કે શાસ્ત્રના બહુ શ્રવણથી પણ પ્રાપ્ત થતો નથી, પરંતુ પરમાત્મા જેના ઉપર કૃપા કરે છે તેને પ્રાપ્તિ થાય છે, તેની જ આગળ એ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે. પરમાત્મા જેને પોતાનો માને છે, અપનાવે છે તેને પરમાત્મા મળે છે.

## ભોજનાલય સહિત ભક્તોને મળશે રોપ-વેની સુવિધા



ગુજરાતીઓના આસ્થા કેન્દ્ર સમા પાવગઢ સાથે અનેક દંતકંથાઓ જોડાયેલી છે. એટલું જ નહીં, અહીં ગૌરવવંતી ગુર્જરધરાની ચાંપાનેર ઐતિહાસિક વિરાસત પણ ભગ્નાવશેષ સ્વરૂપે ધરબાયેલી છે. અનેક કુદરતી તાંડવ અને ઝંઝાવાતો પછી પણ આ પ ાવાગઢ પર્વત અકબંધ અને અડીખમ છે. પાવગઢ ખાતે આવેલું ૫૧ શક્તિપીઠ માંથી એક મહાકાળી માતાજી મંદિરના વિકાસ માટે ગુજરાત સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ૨૦૧૭માં ૧૨૧ કરોડ ફાળવવામાં આવ્યા હતા. જે કામોનું ૨૦૨૨માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લોકાર્પણ કરી અને મંદિરની ધ્વજારોહણ કર્યું હતું. યાત્રાધામ તળેટી, માંચી અને મહાકાળી માતાજીનું મંદિર એમ મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. સરકાર દ્વારા પાવાગઢના વિકાસની કામગીરી બે ફેઝમાં કરવામાં આવી હતી, ત્યારે હવે ફેઝ ત્રણમાં તળેટીના વિસ્તાર માંચી ચોક ખાતે પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. માંચી ચોક ખાતે ખાણીપીણીના સ્ટોલ, ઈન્ફોર્મેશન સેન્ટર, હેલ્થ, પોલીસ, વોટર સપ્લાય, વીજળી અને એડમીન બ્લોક બનાવવા માટે સરકારે ૧ કરોડ રૂપિયાના વહીવટીની મંજૂરી આપી છે. ત્યારે ઓફિસ બ્લોકનું બાંધકામ, ચાચર ચોકનું સ્ટોન ફલોરિંગ, મલ્ટી લેવલ પાર્કિંગ, શૌચાલય, પ્રવેશ દ્વાર, સાઈનેજીસ, ફાયર- ફાઈટીંગ, વોટર સપ્લાય, ડ્રેઈનેજીસ અને ઈલેક્ટ્રીફીકેશનની કામગીરી અંદાજે રૂપિયા ૧૩ કરોડના ખર્ચે કરવામાં આવશે. ત્યારે ચાંપાનેર ખાતે પાર્કિંગ, રસ્તાની કામગીરી, લાઈટીંગ-ઈલેક્ટ્રીફીકેશનની કામગીરી માટે ૪૦ કરોડથી વધુનો ખર્ચ ખર્ચે કરવામાં આવશે. જેની કામગીરી ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે. ૨૩૮ કરોડના પ્રોજેક્ટ માટે માટે વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૦ કરોડની જોગવાઈ કરી છે. વડીલો સહિત ભક્તો મહાકાળી માતાજીના દર્શન કરવામાં સરળતા રહે તે માટે રોપ-વે એક્સ્ટેશનની કામગીરી હેઠળ મંદિર પરિસર સુધી પહોંચી શકાય તે માટે હાઈડ્રોલિક લીફટની કામગીરી કરવામાં આવી રહી છે. તેમજ ૫ હજાર કરતા વધુ ભક્તો જમી શકે તે માટે ભોજનાલય બનાવવામાં આવશે.

# બ્લડ પ્રેશરથી લઇને ડાયાબિટીસના લોકો માટે છે બેસ્ટ, જાણો જબરજસ્ત ફાયદાઓ

તમે ક્યારે કાળા ટામેટા વિશે સાંભળ્યુ છે? આમ, તમને જણાવી દઈએ કે કાળા ટામેટા ખાવાથી હેલ્થને અનેક ઘણો ફાયદો થાય છે. કાળા ટામેટા તમે રેગ્યુલર ખાવાથી આદત પાડો છો તો હાર્ટ એટેક આવવાનું જોખમ ઓછુ થઇ જાય છે. ભારે કરીઃ ટામેટાના ખેતરમાં ચોર ટોળકીએ રાતે ધાડ પાડી, અઢી લાખનો પાક ઉપાડી ગયાં. ટામેટા વગરનું શાક બનાવવા ગૃહિણીઓ મજબૂર, હદ કરીઃ હવે રાશનની દુકાન પર ટામેટા મળશે, ૬૦ રૂપિયે કિલો ખરીદી શકશો. અનોખો વિરોધઃ કોંગ્રેસના નેતાઓ સૂટકેસ અને બંદૂક લઈને શાકમાર્કેટમાં ટામેટા ખરીદવા પહોંચ્યા.



**Benefits of Black Tomatoes:** તમે આજ સુધી લાલ ટામેટા અને લીલા ટામેટા જોયા હશે અને ખાધા હશે, પરંતુ આજે અમે તમને કાળા ટામેટા વિશે જણાવીશું. લાલ ટામેટા જેમ રસોઈનો ટેસ્ટ વધારે છે એમ કાળા ટામેટા હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે. કાળા ટામેટાને અંગ્રેજીમાં રોઝ ટોમેટો કહેવામાં આવે છે. આ ટામેટાની સૌથી મોટી ખાસિયત એ છે કે આ ટામેટા જેનેટિક મ્યૂટેશન દ્રારા બનાવવામાં આવે છે. આ પણ વાંચો:બાળકને એકસ્ટ્રા એક્ટિવિટી કરાવો છો? જાણો આ ટામેટા કેટલા રંગ બદલે છે. વાત કરવામાં આવે તો કાળા ટામેટા બાકીના ટામેટાની જેમ ઉગાડવામાં આવે છે, પરંતુ રંગ બદલવાની પક્રિયા બીજા ટામેટાની તુલના કરતા અલગ છે. સૌથી પહેલા આ ટામેટા લીલા રંગના થાય છે, જે ધીરે-ધીરે લાલ અને પછી કાળા થાય છે. તમે જ્યારે આ ટામેટાને કટ કરીને જુઓ છો ત્યારે અંદરનો ભાગ લાલ ટામેટી જેમ લાલ દેખાય છે. જો કે આમાં મળતા પોષક તત્વો લાલ ટામેટાની તુલના કરતા ઘણાં અલગ છે.

બ્લડ પ્રેશર કંટ્રોલમાં કરે, કાળા ટામેટામાં પ્રોટીન, વિટામીન એ, મિનરલ્સ અને બીજા અનેક પ્રકારના એન્ટી ઓક્સિડન્ટ્સ હોય છે જે વ્યક્તિના બ્લડ પ્રેશરને કંટ્રોલમાં રાખવાનું કામ કરે છે. તમને ડાયાબિટીસ છે તો તમે આ ટામેટા ખાવાનું શરૂ કરી દો. આ રામબાણ ઈલાજ છે. આ શરીરમાં સુગરની માત્રાને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. કાળા ટામેટામાં વિટામીન એ અને વિટામીન સીની માત્રા ભરપૂર હોય છે, જેનું સેવન કરવાથી આંખોની રોશની વધે છે. કાળા ટામેટા તમારી આંખોને સ્વસ્થ રાખવાનું કામ કરે છે. તમારા ચશ્માના નંબર વધારે છે તો તમે કાળા ટામેટા ખાવાનું શરૂ કરી દો, જે હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે.

કાળા ટામેટા ખાવાથી હાર્ટ એટેક આવવાનું જોખમ ઘટી જાય છે. કાળા ટામેટામાં એન્થોસાઈનિન હોય છે જે હાર્ટ એટેકથી બચાવવામાં મદદ કરે છે.નિયમિત તમે કાળા ટામેટાનું સેવન કરો છો.

# આટલું કરશો તો મગફળી નહીં બગડે, બાકી નક્કી નહીં



એક તરફ ખેડૂતો મોટા પ્રમાણમાં ચોમાસુ મગફળીનું વાવેતર કરી ચૂક્યા છે. ભારે વરસાદના કારણે મગફળીનો પાક પીળો પડવાની સંભાવના હોય છે. કૃષિ નિષ્ણાંતની સલાહ અનુસરવાથી મગફળીના પાકને થતા આ નુકસાનથી બચાવી શકાય છે. જૂનાગઢઃ હાલમાં જુનાગઢ સહિત સમગ્ર રાજ્યમાં ભારે વરસાદ પડ્યો છે. ભારે વરસાદથી ખેડૂતોને પોતાનો પાક બગડે તેવી પણ દહેશત વ્યક્ત થઈ રહી છે. હાલમાં જિલ્લામાં મોટાભાગે મગફળીનું વાવેતર થયું છે. ત્યારે ભારે વરસાદથી મગફળીનો પાક પીળો થઈ જતો હોય છે. આ બગડતી મગફળીને અટકાવવા માટે કઈ પ્રકારનો પ્રયાસ કરી શકાય તેની વિસ્તૃત માહિતી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામક ડો. આર.બી. માદરીયા એ આપી હતી.

ખેડૂતોના ખેતરમાં ભારે વરસાદ પડે અને મગફળી પડવાની શરૂઆત થઈ ગઈ હોય તો વરસાદ રહી ગયા બાદ અને પાણી ઓસરી ગયા બાદ ખેડૂતોએ એક પંપમાં હીરાકસી એટલે કે ફેરસ સલ્ફેટ અને લીંબુના ફૂલ મિક્સ કરવાના રહે છે. જેમાં હીરાકસીનું પ્રમાણ ૧૦૦ ગ્રામ અને લીંબુના ફૂલનું પ્રમાણ ૧૦ ગ્રામ રાખવાનું રહેશે. પંપમાં આ મિશ્રણ કરી અને તેને મગફળીના પાકમાં છંટકાવ કરવાનો રહે છે.

મગફળી મૂડમાં રાઈઝોબીયમની ગાંઠ બંધાવાની બંધ થઈ જવી એ તેના પીળા પડવાનું મુખ્ય કારણ છે. ભારે વરસાદને પગલે આ પ્રક્રિયા પૂર્ણ થઈ જાય છે. આ બંધ થઈ ગયેલી પ્રક્રિયાને દેશી ભાષામાં વનસ્પતિનું રસોડું બંધ થઈ ગયું તેવું પણ કહી શકાય છે. જેથી તેને ફરીથી પાકને સારો કરવા માટે અને પીળાશ અટકાવવા માટે દવાનો છંટકાવ કરી આ પ્રક્રિયા ફરી શરૂ કરવી જરૂરી બને છે. જો થોડું મોડું વાવેતર કરવામાં આવે તો પણ ખેડૂતોને પાકમાં ફાયદો થઈ શકે છે આ વિશે ડૉ. આર બી માદરીયાએ જણાવ્યું હતું કે, શરૂઆતમાં જ્યારે વરસાદનું જોર હોય છે ત્યારે વધુ પડતો વરસાદ પડી જતો હોય છે. સૌપ્રથમ પહેલો વરસાદ પડ્યા બાદ જો થોડું મોડું વાવેતર કરવામાં આવે તો ખેડૂતોને પાકમાં ફાયદો થઈ શકે છે. કારણ કે પાછોતરા વરસાદથી વધુ પડતું નુકસાન મગફળીના પાકને થતુ નથી. આ સાથે જો ખેડૂતો ધ્ન ૮૩૨ જેને ખેડૂતો બીટી ૩૨ તરીકે પણ ઓળખે છે. તેનું વાવેતર કરવાથી પણ ખેડૂતોને સારો એવો ફાયદો મળી રહે છે. ઘેડ વિસ્તારમાં મગફળી સહિતના પાક અનુકૂળ આવતા નથી. કારણ કે ત્યાં વરસાદના ચાર માસ સુધી સતત પાણી ભરાયેલું રહે છે.

# કબર સાથે ચંદ્ર પર આવેલા છે આટલા રહસ્યો, જાણો છો?

આજે આપણી પૃથ્વી વૈશ્વિક અર્થવ્યવસ્થાને વિસ્તારવા અને વિશ્વની જરૂરિયાતો પૂરી કરવા સક્ષમ નથી. આવી સ્થિતિમાં હવે દુનિયાની નજર પૃથ્વીથી ઉપર ઊઠીને અવકાશ તરફ જઈ રહી છે. અવકાશ હવે એવું માધ્યમ બની રહ્યું છે કે જ્યાંથી પૃથ્વીની ઊર્જાની જરૂરિયાતો પૂરી કરી શકાય. જેના કારણે આવનારા દિવસોમાં અવકાશ કોલોનાઈઝેશન, એસ્ટરોઈડ માઈનિંગ અને સ્પેસ ટુરિઝમની દિશામાં અનેક નવા આયામો ખુલવા જઈ રહ્યા છે. આવી સ્થિતિમાં સ્પેસ



લોજિસ્ટિક્સ, સેટેલાઈટ અને માનવ પ્રક્ષેપણના ક્ષેત્રમાં ભવિષ્યમાં અબજો ડોલરનું મોટું બજાર આકાર લે તો નવાઈ નહીં. ભવિષ્યના આ ધબકારને જોઈને આપ ણું ઈસરો પણ પાછળ નથી. આજે ઈસરોની ગણતરી વિશ્વની શ્રેષ્ઠ અવકાશ એજન્સીઓમાં થાય છે. મંગલયાન, ચંદ્રયાન જેવા અનેક સફળ મિશન પાર પાડ્યા બાદ ઈસરો હવે ચંદ્રયાન-૩ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે.

ઈસરો આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ૧૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ બપોરે ૨.૩૫ વાગ્યે ચંદ્રયાન ૩ લોન્ચ કરવા જઈ રહ્યું છે. જો ચંદ્રયાન ૩ લેન્ડર ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક ઉતરે છે.તો ભારત આવું કરનાર ચોથો દેશ બની જશે. ચંદ્ર હંમેશા આપણા માટે ઉત્સુકતાનું કેન્દ્ર રહ્યો છે.

BOLLYWOOD NEWS FLASH

## અત્યાર સુધી તેણે મોટા પડદા પર પોતાના દરેક પાત્રોથી ચાહકોના દિલ જીતી લીધા છે, તે નિર્દેશક રવિ ટંડનની પુત્રી છે



# અભિનેત્રી રવિના ટંડનની કાર્બન કોપી છે રાશા થડાની

। મુંબઈ, તા.૨૮ ।

૮૭ વર્ષની વયે રવિ ટંડને આ દુનિયાને હંમેશ માટે અલવિદા કહી દીધું. રવિ બોલિવૂડના કેટલાક નિર્દેશકો અને નિર્માતાઓમાંના એક હતા. રવિ ટંડને ઘણી ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે જેમાં ઋષિ કપૂર અને નીતુ સિંહની 'ખેલ ખેલ મેં', 'અનહોની', રાજેશ ખન્નાની 'નઝરાના', અમિતાભ બચ્ચનની 'મજબૂર' ઉપરાંત 'ખુદ્દાર' અને 'જિંદગી' વગેરેનો સમાવેશ થાય છે. રવિના ટંડન છેલ્લા ૩૨ વર્ષથી ચાહકોનું મનોરંજન કરતી જોવા મળી છે. તે ફિલ્મોમાં તેના કામ માટે જાણીતી છે. અત્યાર સુધી તેણે મોટા પડદા પર પોતાના દરેક પાત્રોથી ચાહકોના દિલ જીતી લીધા છે. તે નિર્દેશક રવિ ટંડનની પુત્રી છે. રવિના ટંડનની દીકરી રાશા થડાની આજકાલ કોઈને કોઈ કારણસર ચર્ચામાં રહે છે. તેણે હાઈસ્કૂલનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. રાશા તેની માતાના પગલે ફિલ્મી દુનિયામાં પગ મુકવા જઈ રહી છે. રવિનાની દીકરી રાશા ટૂંક સમયમાં સાઉથમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, રામ ચરણની ફિલ્મ ૩૦૦ કરોડ રૂપિયાના બજેટમાં બનાવવામાં આવશે, જેનું નિર્દેશન સાઉથના પ્રખ્યાત નિર્દેશક બૂચી બાબુ સના કરવાના છે. રવિનાનો ભાઈ રાજીવ ટંડન છે, જેણે અભિનેત્રી રાખી ટંડન સાથે લગ્ન કર્યા હતા. રાખી ટંડને ૨૦૧૪માં બોલિવૂડ એક્ટ્રેસ રવિના ટંડનના ભાઈ રાજીવ ટંડન સાથે લગ્ન કર્યા હતા. જો કે, તેમના લગ્ન લાંબા સમય સુધી ટકી શક્યા નહીં અને લગ્નના ૬ વર્ષ પછી, બંનેએ ૨૦૧૦માં છૂટાછેડા લીધા હતા. અનિલ ફિલ્મોમાં કામ કરતી વખતે રવિના ટંડનને મળ્યો હતો.

# ફ્લોરલ પ્રિન્ટેડ લહેંગા પહેરીને હિના ખાને આપ્યા કિલર પોઝ

। મુંબઈ, તા.૨૮ ।

તસવીરોમાં હિના ખાન ખૂબ જ સુંદર ફ્લોરલ પ્રિન્ટેડ ફ્લોર સ્વીપિંગ લેહેંગા અને બ્લુ કલરના ફુલ સ્લીવ બ્લાઉઝમાં ખૂબ જ સુંદર લાગી રહી છે. હિના ખાન આ તસવીરોમાં સુંદર કિલર લુકસથી ફેન્સને દિવાના બનાવે છે. હિના ખાનની આ તસવીરો પર તેના લાખો ફેન્સ સ્ટનિંગ બ્યૂટી, વન્ડરફુલ, બ્યુટીફુલ પિક, લવલી અને પ્યારી ડોલ જેવી કોમેન્ટ કરી રહ્યા છે.

આ તસવીરોમાં હિના ખાન તેની પાતળી કમર અને કર્વી ફિગર ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે.

તમને જણાવી દઈએ કે હિના ખાન અત્યાર સુધી ઘણા ટીવી શો, રિયાલિટી શો, મ્યુઝિક વીડિયો, વેબ સિરીઝ તેમજ ફિલ્મોમાં જોવા મળી છે.



# અભિનયના બાદશાહ અને કલાના માસ્ટર પિયુષ મિશ્રા વિષે જાણો રસપ્રદ વાતો....

। મુંબઈ, તા.૨૮ ।

૯૦ના દાયકામાં બોલિવૂડ ફિલ્મો તેની ટોચ પર હતી. એક્શનનો પવન નબળો પડવા લાગ્યો હતો અને રોમાન્સને વેગ મળ્યો હતો. શાહરૂખ ખાન, સલમાન ખાન, આમિર ખાન અને અક્ષય કુમાર જેવા હેન્ડસમ હીરો સ્ક્રીન પર રોમાન્સની લહેર લાવ્યા હતા. આ સમયગાળા દરમિયાન વર્ષ ૧૯૯૬ માં, એક શક્તિશાળી સિનેમા કલાકાર દિલ્હીમાં એક શો ચલાવતો હતો. થિયેટરમાં ચાલતા શોમાં પોતાના લેખન, અભિનય અને કલાત્મકતાનો રસપ્રદ સમન્વય રજૂ કરનાર આ કલાકાર ખૂબ જ બુદ્ધિશાળી હતો, પરંતુ તેની સમગ્ર કલાત્મકતા ખરાબ ટેવોથી બંધાયેલી હતી. સિનેમા અને અભિનયનો આ સ્ટાર, પ ોતાની સમાંતર દુનિયામાં ખોવાયેલો, ઘણી બધી વાર્તાઓ ઘડતો અને રાત પડતાં જ દારુની બોટલ ખુલતી. તેઓ આખી રાત પીતા અને ધુમ્રપાન કરતા અને લથડિયા લેતાં ઘરે પહોંચી જતા. બીજા દિવસે સવારે તે ફરી શરૂ થયો અને આંખના પલકારામાં ૧૦ વર્ષ વીતી ગયા. ઉંમર આવવા લાગી અને યુવાની પણ અલવિદા કહેવાની આરે આવી, પછી એક જવાબદાર પરિવારનો જન્મ થયો. જ્યારે આ કલાકાર પરિવારના માણસની ભૂમિકામાં આવ્યો ત્યારે આખી પરિસ્થિતિ બદલાઈ ગઈ. તેમના દ્વારા લખાયેલા ગીતોએ યુવાનોમાં ઉત્સાહની લહેર ભરી દીધી અને તેમના અભિનયથી વડીલો પ્રભાવિત થયા. આજે સિનેમાનો આ સ્ટાર કોઈ સુપરસ્ટારથી ઓછો નથી. ચાહકો તેમની એક ઝલક મેળવવા માટે ઉત્સુક રહે છે. તેમનો કર્કશ અવાજ, ગોળ ચહેરો, ટૂંકું કદ અને સ્પષ્ટ બોલવાની રીત આજે તેમના વ્યક્તિત્વમાં વધારો કરે છે. અમે વાત કરી રહ્યા છીએ. પિયુષ મિશ્રા, અભિનયના બાદશાહ અને કલાના માસ્ટર. તેની વાર્તા કોઈ ફિલ્મી હીરોથી ઓછી નહોતી. ૧૩ જાન્યુઆરી ૧૯૬૩ના રોજ મધ્યપ્રદેશના ગ્વાલિયર શહેરમાં એક સમૃદ્ધ પરિવારમાં જન્મેલા પીયૂષ મિશ્રા બાળપણથી જ તીક્ષ્ણ બુદ્ધિના માણસ હતાં. સાહિત્યથી લગાવ અને કલામાં પ્રત્યેની રુચિએ પીયૂષ મિશ્રાને



બાળપણમાં જ શાળાની ભીડથી અલગ કરી દીધા હતા. ૧૫ વર્ષનો પિયુષ મિશ્રાને તેના શિક્ષક સાથે જ પ્રેમ થઈ ગયો હતો. ઉંમર વધી, અનુભવો વિસ્તર્યા અને જીવનની ગાડી આગળ વધી. શાળા પૂરી કરી અને ગ્રેજ્યુએશનમાં એડમિશન લીધું. ત્યારબાદ, ૧૯૮૩માં તેઓ 'નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા' તરફ વળ્યા. હોશિયાર હતાં તેથી સ્કૂલમાં એડમિશન મળી ગયું અને પછી આગળની જીંદગીમાં ફિલ્મી કહાણીઓએ રફતાર પકડી. ૩ વર્ષમાં ખૂબ એક્ટિંગ શીખી અને કલમને ધારદાર બનાવી. પછી વર્ષ ૧૯૮૬ આવ્યું અને ડિગ્રી પૂરી થઈ. પરંતુ અભિનયનો કીડો કરડી રહ્યો હતો. આ દિવસો દરમિયાન, સામ્યવાદની વિચારધારાએ તેમના પર ઘણો પ્રભાવ પાડ્યો અને તેમણે ક્રાંતિનો આગ્રહ કર્યો. સ્વભાવે જિદ્દી અને દિલથી કલાકાર, ઉપરથી ક્રાંતિનો આગ્રહ, આ ત્રણેય સંયોજનોએ એક એવા કલાકારને જન્મ આપ્યો, જેના જીવન ઉપર સીધું કોઈનું નિયંત્રણ હતું. ૮૦ના દાયકાના ભારત ભૂખમરા અને ગરીબી જેવા સમાચારોથી ભરેલા અખબારોએ પીયૂષ મિશ્રાની ઉંઘ ઉડાડી દીધી હતી.

## ૨૩ અને ૨૪ સપ્ટેમ્બરે ૩૩ શહેરોમાં ફેસ્ટિવલનું આયોજન, ૩૦ શહેરોમાં ફિલ્મો ફરીથી રિલીઝ થશે

# કશિશનો જોવા મળ્યો ફરી બોલ્ડ અવતાર



। મુંબઈ, તા.૨૮ ।

ફેમસ એક્ટ્રેસ આમના શરીફ તેના કોઈપણ પ્રોજેક્ટને કારણે ચર્ચામાં હોય કે ન હોય, પરંતુ તેના લુક્સને કારણે તે આ દિવસોમાં ઘણી હેડલાઈન્સ બનાવી રહી છે. અભિનેત્રી આમના શરીફ તેના સ્ટાઈલિશ અંદાજને કારણે ચર્ચામાં છે. નાના પડદા પર 'કશિશ' નું પાત્ર ભજવનાર અભિનેત્રીના લાખો લોકો દિવાના છે. આમના શરીફ સોશિયલ મીડિયા પર તેના અલગ-અલગ ફોટા શેર કરે છે. તેના દ્વારા તે ફેન્સને તમામ અપડેટ્સ આપતી રહે છે. આમનાને ફરવાનો ખૂબ શોખ છે, તે તેના ઈન્સ્ટાગ્રામ પરથી જોઈ શકાય છે. ટ્રેડિશનલ હોય કે વેસ્ટર્ન લુક, અભિનેત્રી આમના શરીફ હંમેશા ગ્લેમરસ લાગે છે. આમના શરીફે ટીવી, બોલિવૂડથી લઈને OTT પ્લેટફોર્મ સુધીની સફર કરી છે. આમનાએ ૨૦૦૩માં સિરિયલ કહી તો હોગાથી અભિનયની શરૂઆત કરી હતી. કશિશની ભૂમિકાએ આમનાને એક અલગ ઓળખ આપી.

# ઝાલોદ તાલુકાની લીમડી પોલીસને નાસતો ફરતો આરોપી અને પ્રોહી.ના ગુનામાં આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી

## ૨૦ વર્ષના એક વોન્ટેડ ફરાર આરોપી અને પ્રોહીના ગુનામાં ૬૨૮૦૦ના મુદ્દામાલ સાથે બે આરોપી પકડાયા




। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૮ ।

લીમડી પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ એમ.એફ.ડામોર તેમના પોલિસ સ્ટાફ સાથે નગરમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમીના આધારે મધ્યપ્રદેશના ધાર જિલ્લાના રાજોદ પોલિસ સ્ટેશનનો છેલ્લા ૨૦ વર્ષ થી નાસતો ફરતો સ્થાયી વોરંટનો આરોપી રમેશ હીરાલાલ ગહેલોત ( મુ.બીલવાણી, તા.ઝાલોદ) ને તેના ઘરે થી પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

બીજા એક બનાવમાં લીમડી પોલીસના પી.એસ. આઈ એમ.એફ.ડામોરને મળેલ બાતમીના આધારે ખરસોડ ગામેથી એક બજાજ પલ્સર મોટરસાયકલ ઉપર વિમલ લખેલ થેલાઓમા ૨૮૮૦૦ નો વિદેશી દારૂ સાથે એક મોબાઈલ અને મોટરસાયકલની કીમત સાથે કુલ ૬૨૮૦૦ ના મુદ્દામાલ સાથે બે આરોપીને ઝડપી પાડેલ છે અને અન્ય ચાર ફરાર વૉન્ટેડ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો નવતર અભિગમ

# ગાંધીનગરમાં રાજ્ય સ્વાગત દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા સ્વાગત ઓનલાઈન રજુઆતોનું પ્લેટફોર્મ લોન્ચ કર્યું



। રાજકોટ, તા.૨૮ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમનાં જિલ્લા સ્તરીય સ્વાગતમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો મહત્તમ ઉપ યોગ કરીને લોકો પોતાની રજુઆતો ઘેર બેઠા કરી શકે તે માટે જિલ્લા સ્વાગતનું ઓનલાઈન પ્લેટફોર્મ લોન્ચ કર્યું છે.

સામાન્ય રીતે તાલુકા સ્વાગત અને જિલ્લા સ્વાગતમાં નાગરિકો પોતાની અરજી લેખિતમાં કચેરીમાં રૂબરૂ સંપર્ક કરીને રજૂ કરતા હોય છે. હાલના ઈન્ફર્મેશન ટેકનોલોજીના આ યુગમાં નાગરિકો કચેરીમાં રૂબરૂ ગયા વગર, ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ કરી પોતાની રજૂઆતો/ફરિયાદો/પ્રશ્નોને રજુ કરી શકે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં તાલુકા સ્વાગતમાં ઓનલાઈન માધ્યમથી પોતાની રજૂઆતો / ફરિયાદો / પ્રશ્નો રજૂ કરવાની પધ્ધતિ હાલ સફળતા પૂર્વક કાર્યરત છે. તાલુકા સ્વાગતમાં ઓનલાઈન રજુઆતની આ પધ્ધતિને લોકોના મળેલા વ્યાપક પ્રતિસાદને પગલે મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા સ્વાગતમાં પણ ઓનલાઈન માધ્યમથી લોકો પોતાની રજૂઆતો/ ફરિયાદો/પ્રશ્નો રજૂ કરી શકે તે હેતુથી જિલ્લા સ્વાગતનાં ઓનલાઈન રજુઆત માટેનાં પ્લેટફોર્મનો શુભારંભ કરાવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સ્વાગતમાં આ પ્લેટફોર્મ લોન્ચ કર્યું તે અવસરે મુખ્યમંત્રીશ્રીનાં મુખ્ય અગ્રસચિવ શ્રી કે.કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી અને અન્ય વરિષ્ઠ સચિવો પણ ઉપસ્થિત રહ્યા હતા. શુક્રવારે યોજાયેલા રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં શહેરી વિકાસ, પંચાયત, શિક્ષણ, ગૃહ વિભાગ, ઉદ્યોગ, મહેસૂલ, તથા નર્મદા અને જળ સંપત્તિ વિભાગને સ્પર્શતી લોકોની રજુઆતો મુખ્યમંત્રીશ્રીએ સાંભળી હતી અને સંબંધીત સચિવશ્રીઓ અને જિલ્લા કલેકટરશ્રીઓને રજુઆતોનાં નિવારણ માટે માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, જિલ્લા સ્વાગતમાં કલેકટરશ્રીઓ દ્વારા જે રજુઆતોનું નિવારણ થયું હોય તે સંદર્ભમાં સંબંધિત જિલ્લા અધિકારીઓ સાથે સમીક્ષા યોજીને સમય મર્યાદામાં તેનું પાલન થાય તે કલેકટરશ્રીઓ સુનિશ્ચિત કરે તે આવશ્યક છે. ઓક્ટોબર-૨૦૨૩ મહિનાના સ્વાગત કાર્યક્રમમાં ગ્રામ, તાલુકા, જિલા અને રાજ્ય સ્વાગત મળીને ૩,૩૦૦ ઉપરાંત રજુઆતોનું સુખદ નિવારણ લાવવામાં આવ્યું છે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, જિલ્લા સ્વાગતમાં ઓનલાઈન રજુઆત માટે મુખ્યમંત્રીશ્રીએ લોન્ચ કરેલા આ પ્લેટફોર્મનાં માધ્યમથી હવે નાગરિકો તાલુકા સ્વાગત અને જિલ્લા સ્વાગતમાં પોતાની રજૂઆતો/ફરિયાદો/પ્રશ્નો, પુરતી માહિતી અને પુરાવા સાથેની અરજી દર અંગ્રેજી માસની ૦૧ થી ૧૦ તારીખ સુધીમાં ઓનલાઈન માધ્યમથી રજૂ કરી શકશે.

## શ્રી કાર્તિક ઓરાવ હાઈ & ગોવિંદસિંહ મીનામા ઉ.મા. શાળા ચાકલીયા વય નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો



। ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામે આવેલી શ્રી કાર્તિક ઓરાવ હાઈ. એન્ડ ગોવિંદસિંહ મીનામા ઉ.મા. શાળામાં આ.શિક્ષિકા તરીકે ફરજ બજાવતા કુસુમબેન ઉમેશભાઈ ખડીયાના "વય નિવૃત્તિ" પ્રસંગે તેઓનો સન્માન અને વિદાય સમારંભ યોજાયો હતો. કુસુમબેન દ્વારા આ શાળામાં ૨૯ વર્ષ ૭ મહિના અને ૧૯ દિવસની ફરજ બજાવી હોવાનું શાળાના આચાર્યએ પોતાના પ્રવચનમાં જણાવી તેમને નિવૃત્તિ પછીનું જીવન ભગવાન નિરોગી અને સ્વાવલંબી પ્રદાન કરે સાથે તેઓ પણ સમાજમાં સેવાકીય પ્રવૃતિઓ કરવામાં જોડાઈ રહે તેમ જણાવ્યું હતું.ઉપસ્થિત રહેલા મહેમાનો આગેવાનો અને શાળાના સ્ટાફ મિત્રો તેમજ બાળકોએ વિદાય લઈ રહેલા કુસુમબેન ને ભેટ સોગાદો અર્પણ કરી તેમજ નારિયેળ તથા મામેરું ઓઢાવી માન સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના સંચાલકો શાળાના આચાર્ય, સ્ટાફ ગણ તેમજ ગામના આગેવાનો શાળાના બાળકો અને વિદાય લઈ રહેલા શિક્ષિકા બહેનના પરિવારજનો મોટી સંખ્યામાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ઝાલોદ તાલુકાના વરોડ ટોલનાકા પર એસ.ટી બસના ચાલક દ્વારા બેફિકરાઈ પૂર્વક ગાડી હંકારતા બેરીયર તોડી પડાયું

। ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ તાલુકાના વરોડ ટોલ નાકા પર તારીખ ૨૭-૧૦-૨૦૨૩ ના રોજ આસરે રાત્રીના ૧૦:૦૦ કલાકે ઝાલોદ તરફથી આવતી એક સરકારી એસ.ટી બસ જેનો નંબર **GJ-18-Z-5802** હતો અને તે ગાડી પર બાંસવાડા થી સુરતનું બોર્ડ મારેલ હતું. આ એસ.ટી બસ ઝાલોદ થી આવી રહી હતી અને તે બસ બુથ નંબર ૬ ની લાઈન ઉપર પૂરઝડપે ગફલત રીતે ડ્રાઈવર હંકારી લાવી ઉભી રાખ્યા વગર બેરીયલને ટક્કર મારી તોડી પાડી આસરે ૫૦ મીટર સુધી ગાડી હંકારી જતાં ત્યાં હાજર લોકોએ બૂમાબૂમ કરતા એસ.ટી બસના ચાલકે ગાડી ઉભી રાખી હતી. ટોલના સ્ટાફ દ્વારા ધ્યાન થી જોતા બેરીયલ તેની ઈલેક્ટ્રીક મોટર સાથે તુટી ગયેલ હતું તેનો નુકશાનીનો અંદાજ આસરે ૨૦૦૦૦ જેટલો માનવામાં આવેલ છે. આ અંગે વરોડ ટોલ મેનેજર દ્વારા લીમડી પોલિસ મથકે ફરીયાદ લખાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## ઝાલોદ સાંઈ મંદિર ખાતે ભાજપ એસ.સી મોરચા દ્વારા વાલ્મીકિ જયંતિની ઉજવણી કરવામા આવી

। ઝાલોદ, તા.૨૮ ।

ભગવાન વાલ્મીકિ એ મહર્ષિ કશ્યપના પુત્ર વરૂણના પુત્ર છે. ધર્મગ્રંથો મુજબ વાલ્મીકિ ઋષિનું નામ રત્નાકર હતું તેઓ પોતાના પરિવારનું ભરણ પોષણ કરવા લૂંટપાટ કરતા હતા. એકવાર રસ્તામાં તેમને નારદ મુનિ મળ્યા હતા તેઓ તેમને લૂંટવા જતા હતા તે દરમ્યાન નારદ મુનિની વાતોથી તેમનું જીવન પરિવર્તન થયું હતું તેથી નારદ મુનિએ તેમને શ્રી રામનું નામનું જાપ કરવા જણાવ્યું હતું. તેમના કઠોર તપ જપ થી પ્રેરિત થઈ બ્રહ્માજીએ તેમને રામાયણનુ લખવા માટે પ્રેરિત કર્યા હતા અને તેમણે રામાયણ નામનું ગ્રંથ લખી આખા ભારત વર્ષમાં ખ્યાતિ મેળવી હતી. ભારત વર્ષના પ્રથમ કવિ તરીકે પણ મહર્ષિ વાલ્મીકિને ઓળખવામાં આવે છે. આજે તારીખ ૨૮-૧૦-૨૦૨૩ શનિવારના રોજ



સાંઈ મંદિર ખાતે ભાજપ પરિવાર દ્વારા વાલ્મીકિ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. વાલ્મીકિ ઋષિ વિશે ટૂંકમાં માહિતી દાહોદ જિલ્લા ભાજપ એસ.સી મોરચા પ્રભારી ભરત શ્રીમાળી દ્વારા આપવામાં આવી હતી. આ પ્રસંગે ઝાલોદ શહેર ભાજપ પ્રમુખ દિનેશ પંચાલ, મૂકેશ ડામોર, ટપુ વસૈયા, રાજેશ ભાભોર, સંતોષ ભગોરા, અગ્નેશ પંચાલ, જયેશ દરજી અને મોટા પ્રમાણમાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

## ઝાલોદ વણિક સમાજ દ્વારા

# વાઈબ્રન્ટ દિવાળીની ઉજવણી નિમિતે સર્વ સમાજની ગોયલ પેલેસ ખાતે મીટિંગ યોજવામાં આવી હતી

## નગરમાં વસવાટ કરેલ વણિક સમાજના લોકો દેશ અને વિદેશથી વતનની યાદો તાજી કરવાં આવી રહેલ છે



। ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ વણિક સમાજ દ્વારા તારીખ ૧૦-૧૧-૨૦૨૩ થી ૧૫-૧૧-૨૦૨૩ સુધી વાઈબ્રન્ટ દિવાળીનો ઉત્સવ ઉજવવાની તૈયારી કરી રહેલ છે. વર્ષો પહેલાં નગરમાં વણિક સમાજનો મોભ્ભો હતો અને નગરમાં સહુથી વધુ વસ્તી ધરાવતી જ્ઞાતી હતી. વણિક સમાજ દ્વારા જે તે સમયે નગરની પ્રગતિ માટે અનેક સંસ્થાઓ સ્થાપી અને તે દરેક સંસ્થાઓમાં તન, મન, ધનથી નગરની પ્રગતિ માટે ઉત્તમ સહયોગ કરી પ્રગતિના બીજ રોપ્યા હતા. જે તે સમયમાં નગરમાં વસવાટ કરનાર વણિક સમાજ દ્વારા પોતાની જવાબદારી અને પોતાનું નગર સમજી નગરને પ્રગતિના પંથે લઈ જવા પોતાનું ફર્જ઼ નિભાવ્યું હતું. સમય જતાં પારિવારિક જવાબદારીને અનુલક્ષી નગર છોડી દેશ અને વિદેશમાં જઈ વસવાટ કર્યો. વણિક સમાજના લોકો ભલે નગર બહાર જઈ કામ ધંધો કરવાં લાગ્યાં પરંતુ તેઓ ત્યાં રહી નગરની ચિંતા અને તેની પ્રગતિ માટે સતત ચિંતાતુર રહેતા હતા અને જરૂર હોય ત્યાં તેઓ નગરને મદદરૂપ થવાનો પ્રયત્ન પણ કરતા હતા.

નગરને છોડીને આજે ૫૦ થી ૬૦ વર્ષ થયેલ હોવા છતાય પોતાની માતૃભુમી અને જન્મભૂમિને વંદન કરવા તેમજ જૂના સ્મરણો તાજા કરવાં માટે નગરમાં આવી રહેલ છે. દેશ વિદેશમાં વસવાટ કરનાર અંદાજીત ૯૫૦ જેટલા વણિક સમાજના લોકો વતનમાં આવી રહેલ છે. વણિક સમાજના લોકો પોતાની જન્મભૂમિ પર આવી દિવાળીનો ભવ્ય ઉત્સવ ઉજવવાની તૈયારીઓ કરી રહેલ છે. નગરમાં આવનાર સહુ લોકોનું સ્વાગત કરવા તેમજ સહુ આવનાર મહેમાનોનું ગેટ ટુ ગેધર કરવા માટે નગરના વણિક સમાજ દ્વારા સર્વ સમાજની એક મીટિંગ ગોયલ પેલેશ ખાતે યોજી હતી અને આ દિવાળીને વાઈબ્રન્ટ દિવાળી તરીકે ઉજવવાની તૈયારી દર્શાવી હતી તેમાં દિવાળીની ભવ્ય ઉજવણી રામસાગર તળાવ ખાતે તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો થકી યાદગાર બનાવવાની તૈયારી પુર જોશમાં કરી રહેલ છે. સર્વ સમાજની મીટીંગમાં વણિક સમાજ દ્વારા નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે સહુ પાસે સહકાર માંગ્યો હતો અને તેમાં ઉપસ્થિત સહુ લોકોએ સહયોગ આપવા બાંહેધરી આપી હતી.

# સ્કૂલ ગેમ ફેડરેશન અંતર્ગત રાજ્યકક્ષાની શાળાકીય અં-૧૪,૧૭,૧૯ બહેનોની કબડ્ડી સ્પર્ધાનું નિકોલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે આયોજન

## ૨૭ ઓક્ટોબર સુધી ચાલનારી સ્પર્ધાનું જિલ્લા રમતગમત અધિકારી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા સંચાલન



। અમદાવાદ, તા.૨૮ ।

સ્કૂલ ગેમ ફેડરેશન અંતર્ગત રાજ્યકક્ષાની બહેનોની કબડ્ડી સ્પર્ધા નિકોલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, અમદાવાદ ખાતે યોજાઈ રહી છે. રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનું સંચાલન જિલ્લા રમત ગમત અધિકારી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા કરવામાં આવી રહ્યું છે. ૨૭ ઓક્ટોબર સુધી ચાલનારી સ્પર્ધામાં તમામ જિલ્લામાંથી અંડર ૧૪/૧૭/૧૯ એમ ત્રણ વય ગ્રુપમાં ૧૨૦૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લેનાર છે. દરેક વજૂથની સ્પર્ધાઓ માટે ૩ દિવસ ફાળવવામાં આવ્યાં છે. જેમાં અંડર ૧૪ સ્પર્ધા પૂર્ણ થઈ ગયેલ છે. જ્યારે હાલમાં અંડર ૧૭ બહેનોની સ્પર્ધા ચાલુ છે અને આગામી દિવસોમાં અંડર ૧૯ બહેનોની સ્પર્ધા યોજાનાર છે.

અત્રે નોંધનીય છે કે, આ સ્પર્ધામાંથી પસંદ થયેલ ખેલાડીઓનો નેશનલનો કેમ્પ યોજાય છે અને તેઓને સીધા રાષ્ટ્રીય કક્ષાએ કક્ષાએ રમવા માટેની તક મળે છે.

આ સ્પર્ધા દરમિયાન ખેલાડીઓને પૌષ્ટિક ભોજન, નિવાસ અને આવા-જવાના ભાડાની સગવડ અપાય છે તથા ભાગ લીધાનું સર્ટિફિકેટ પણ અપાય છે અને વિજેતાઓને મેરીટ સર્ટિફિકેટ આપવામાં આવે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. પરિવારના સભ્યોની માગ ખૂબ વધારે હશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે. છેલ્લા થોડા સમયથી તમારૂં અંગત જીવન તમારા ધ્યાનનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે-પમ આજે તમે સામાજિક જીવન પર ધ્યાન આપશો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. કોઈ કારણોસર, આજે તમારી ઓફિસ માં વહેલા રજા હોઈ શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો. જ્યાં સુધી મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાની ઈચ્છા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો. તમારા દિલને અપીલ કરે એવી કોઈ વ્યક્તિને મળવાની સંભાવના અતિ પ્રબળ છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે. આજે તમને તમારો દિવસ કોઈ પણ સ્થળે શાંતિ મળે તે સ્થળે બધા સંબંધો અને સંબંધીઓ થી દૂર રહેવા નું ગમશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. આજે તમે કોઈકનું દિલ તૂટતા અટકાવશો. તમારું કુટુંબ આજે તમારી સાથે ઘણી સમસ્યાઓ શેર કરશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે, પણ આજે તમારી ઈન્દ્રિઓ પ્રેમના અતિઆનંદની અનુભૂતિ કરશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. સાંજે બાળકો સાથે થોડો આનંદદાયક સમય વિતાવજો. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે. આજે તમે તમારા પ્રિયપાત્રનો પ્રેમ તમારી આસપાસ અનુભવશો. આજનો દિવસ ખૂબ જ સુંદર અને પ્રેમભર્યો રહેશે.

# કેનેડામાં ખાલિસ્તાની સંગઠનોની ખાલિસ્તાની જનમત યોજવા તૈયારી

## જનમત સંગ્રહની શરૂઆત બ્રિટિશ કોલંબિયાના સરે સ્થિત ગુરુનાનક શીખ ગુરુદ્વારાથી ૨૯ ઓક્ટોબરે મીટિંગ આયોજિત કરીને થશે

। ટોરેન્ટો, તા.૨૮ ।

ખાલિતાસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો આરોપ ભારતીય એજન્સીઓ પર લગાવનારા કેનેડાના પીએમ જસ્ટિન ટ્રૂડોના વલણે ભાગલાવાદીઓનો જુસ્સો વધારી દીધો છે. હવે કેનેડામાં સક્રિય ખાલિસ્તાની સંગઠનો સમગ્ર કેનેડામાં આગામી વર્ષે ખાલિસ્તાની રેફરેન્ડમ યોજવાની તૈયારી કરી રહ્યા છે તેવો એક અહેવાલમાં દાવો કરાયો છે.

આ રેફરેન્ડમ (જનમતસંગ્રહ)ની શરૂઆત બ્રિટિશ કોલંબિયાના સરે સ્થિત ગુરુનાનક શીખ ગુરુદ્વારાથી ૨૯ ઓક્ટોબરે મીટિંગ આયોજિત કરીને થશે. અગાઉ ભાગલાવાદીઓ ૨૦૨૦માં પણ જનમતસંગ્રહ કરાવી ચૂક્યા છે. હજુ સુધી એ સ્પષ્ટ નથી કે રેફરેન્ડમ ૨૦૨૫માં કેનેડામાં યોજનાર સામાન્ય ચૂંટણી સુધી ચાલશે કે નહીં? પણ એવું મનાય છે કે ભાગલાવાદી સંગઠન કેનેડાની સંઘીય ચૂંટણીમાં તેની મદદથી દબાણની રણનીતિ પર કામ કરશે.






ખાસ કરીને ગ્રેટર ટોરેન્ટો એરિયા અને મેટ્રો વાનકુવરમાં ઘણી બધી સીટો છે. એટલા માટે આ વિસ્તારોમાં રેફરેન્ડમ જેવા પ્રયાસો વધુ થવાની આશંકા છે. ૨૯ ઓક્ટોબરે આ મામલે ગુરુનાનક શીખ ગુરુદ્વારામાં બેઠક યોજાશે. તેના માટે ઠેર-ઠેર પોસ્ટર પણ લગાવાયા છે. તેમાં ખાલિસ્તાની હરદીપ સિંહ નિજ્જરને શહીદ બતાવાયો છે. તેમાં મતદાન મથકનો પણ ઉલ્લેખ કરાયો છે. શીખ ફોર જસ્ટિસનો સરગના ગુરુપ તવંત સિંહ પન્નુએ એક નિવેદનમાં કહ્યું કે હવે અમારા લોકો વોકલ થઈ રહ્યા છે. હજારોની સંખ્યામાં સરે પહોંચી રહ્યા છે.

અત્યાર સુધી ખાલિસ્તાની વિચારધારાના લોકો એટલા માટે મુક્તમને વાત નહોતા કરતા કેમ કે તેમને આતંકી કહેવાતા હતા પણ ટ્રૂડોના નિવેદનથી જુસ્સો વધ્યો છે અને લોકો મુક્તપણે પોતાની વાત રજૂ કરી રહ્યા છે. તેણે કહ્યું કે શીખ ફોર જસ્ટિસ માને છે કે નિજ્જરની હત્યામાં ભારતનો જ હાથ છે.

### અમેરિકાએ રશિયા પર નવા આરોપ લગાવ્યા

# આદેશનું પાલન ન કરતા અધિકારીને પુતીન ફાંસીની સજા આપી રહ્યા છે

## રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તાએ વ્હાઇટ હાઉસમાં આયોજિત પ્રેસ બ્રીફિંગમાં રશિયા પર આરોપો લગાવ્યા

। વોશિંગ્ટન, તા.૨૮ ।

રશિયા-યુક્રેનના ચાલી રહેલા યુદ્ધ વચ્ચે અમેરિકાએ રશિયા પર નવા આરોપો લગાવ્યા છે. અમેરિકા દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે રશિયાના જે સૈનિકો તેમના ઉપરી અધિકારીઓના આદેશનું પાલન નથી કરી રહ્યા અથવા તેમના આદેશનું પાલન કરવાથી પીછેહઠ કરી રહ્યા છે, તે તમામને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના આદેશથી ફાંસીની સજા આપવામાં આવી રહી છે. અમેરિકાનો રશિયા પર આ નવો આરોપ છે. રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તા જોન કિર્બીએ ગુરુવારે વ્હાઈટ હાઉસમાં આયોજિત પ્રેસ બ્રીફિંગમાં રશિયા પર આ આરોપો લગાવ્યા હતા. જોન કિર્બીએ એક ન્યુઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, અમારી પાસે નક્કર માહિતી છે કે રશિયન સૈન્ય હકીકતમાં એવા સૈનિકોને ફાંસીની સજા આપી રહ્યું છે, જેઓ યુક્રેન સાથે યુદ્ધ અંગે જારી કરવામાં આવેલા આદેશનું પાલન નથી કરી રહ્યા. રશિયન કમાન્ડર યુક્રેનિયન આર્ટિલરી ફાયરિંગ વખતે પીછેહઠ કરવાનો પ્રયાસ કરનાર સમગ્ર યુનિટને મારી નાખવાની ધમકી આપી રહ્યા છે. તેમણે આ ફાંસીઓને નિંદનીય અને અસંસ્કારી ગણાવી હતી અને જણાવ્યું હતું કે રશિયાને તેના સૈનિકોના જીવન પ્રત્યે કોઈ સન્માન નથી.

જોકે, વ્હાઇટ હાઉસના આ અધિકારીએ એ નથી જણાવ્યું કે તેમને કથિત ફાંસી અંગેની આ માહિતી ક્યાંથી મળી. કિર્બીએ કહ્યું કે રશિયાનો તાજેતરનો હુમલો એ યાદ અપાવે છે કે કેવી રીતે રાષ્ટ્રપતિ પુતિન આખા યુક્રેન પર કબજો કરવાની તેમની આકાંક્ષાઓને અનુસરી રહ્યા છે.

### આઈડીએફ દ્વારા ગાઝા પટ્ટીમાં ભીષણ બોમ્બમારો

# હમાસના ઇન્ટેલિજન્સ બ્યુરોના ડેપ્યુટી ચીફને ઠાર માર્યાનો ઈઝરાયેલનો દાવો

## આઈડીએફએ બરુદ સામે હમાસના નેતા યાહ્યા સિનવાર સાથે ૭ ઓક્ટોબરે દક્ષિણ ઇઝરાયેલમાં હુમલાનું ષડયંત્ર કર્યું હતું

। તેલઅવિવ, તા.૨૮ ।

ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ (આઈડીએફ) દ્વારા ગાઝા પટ્ટીમાં ભીષણ બોમ્બમારો ચાલુ છે. ઈઝરાયેલી સૈન્યએ દાવો કર્યો હતો કે હમાસના ઈન્ટેલિજન્સ બ્યુરોના ડેપ્યુટી ચીફ શાદી બરુદને ગાઝામાં હવાઈ હુમલામાં ઠાર માર્યો. આઈડીએફએ બરુદ સામે હમાસના નેતા યાહ્યા સિનવાર સાથે ૭ ઓક્ટોબરે દક્ષિણ ઈઝરાયેલમાં હુમલાનું ષડયંત્ર રચવામાં સામેલ હોવાનો આરોપ મૂક્યો હતો.

આઈડીએફએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સપર એક નિવેદનમાં જણાવ્યું હતું કે બરુદે અગાઉ ખાન યુનિસ વિસ્તારમાં બટાલિયનનું નેતૃત્વ કર્યું હતું અને હમાસના ઈન્ટેલિજન્સ બ્યુરોમાં વિવિધ હોદ્દાઓ સંભાળ્યા હતા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમે બર્બર હુમલાઓ માટે જવાબદાર હમાસના નેતાઓ અને આતંકીઓ પર હુમલો કરવાનું અને તેમને ખતમ કરવાનું ચાલુ રાખીશું. આઈડીએફઅનુસાર બરુદ ઈઝરાયલી નાગરિકો વિરુદ્ધ અનેક આતંકી હુમલાનું કાવતરું ઘડવામાં સામેલ હતો.

બીજી બાજુ હમાસે દાવો કર્યો છે કે ઈઝરાયેલના હવાઈ હુમલામાં ગાઝામાં ૫૦ બંધકોના મોત થયા છે.

હમાસના સૈન્ય પ્રવક્તા અબુ ઓબેદાએ આ માહિતી આપી છે. દરમિયાન, એક અહેવાલ મુજબ ગાઝામાં ૧૬૦૦ લોકો ગુમ થયાની માહિતી મળી છે. તેમાં ૯૦૦ બાળકો પણ સામેલ છે. હવાઈહુમલામાં ધ્વસ્ત ઈમારતોમાં ઘણા લોકો દટાઈ જવાની આશંકા છે.

# ડિસેમ્બર સુધી પ્રસ્તાવિત વિકસિત ભારત સંકલ્પ યાત્રા ન યોજવા કેન્દ્રને નિર્દેશ

## વિકસિત ભારત સંકલ્પ યાત્રા એ કેન્દ્રની યોજનાઓ અને અભિયાનોને લોકો સુધી પહોંચડવાનો મેગા આઉટરીચ પ્રોગ્રામ

। નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતના ચૂંટણી પંચે ગુરુવારે કેન્દ્ર સરકારને આગમી મહીને વિધાનસભા ચૂંટણી છે એ પાંચ રાજ્યોમાં તેની પ્રસ્તાવિત 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ૫ ડિસેમ્બર સુધી ન કાઢવાનો નિર્દેશ આપ્યો હતો. ચૂંટણી પંચે કેબિનેટ સચિવ રાજીવ ગૌબાને સંબોધીને લખેલા એક પત્રમાં કેન્દ્રને આગમી મહીને વિધાનસભા ચૂંટણી છે એ રાજ્યો અને નાગાલેન્ડના તાપી મતવિસ્તારમાં 'જિલ્લા રથપ્રભારી'ની નિમણૂક ન કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. નાગાલેન્ડના તાપીમાં પેટાચૂંટણી યોજાવાની છે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા એ ભારતીય જનતા પાર્ટી શાષિત કેન્દ્ર સરકારની યોજનાઓ અને અભિયાનોને લોકો સુધી પહોંચડવા શરુ કરવામાં આવેલો કેન્દ્ર સરકારનો મેગા આઉટરીચ પ્રોગ્રામ છે. ચૂંટણી પંચે નિર્દેશ આપતા કહ્યું કે, અમારા ધ્યાનમાં આવ્યું છે કે ૨૦ નવેમ્બર, ૨૦૨૩થી શરૂ થનારી પ્રસ્તાવિત 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' માટે 'જિલ્લા રથપ્રભારી'ની નિયુક્તિ કરવામાં આવી રહી છે. પરંતુ આ પ્રવૃતિઓ તે મતદારક્ષેત્રોમાં હાથ ધરવી જોઈએ નહીં જ્યાં આદર્શ આચારસંહિતા ૫ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી અમલમાં છે. આ મહિનાની શરૂઆતમાં ચૂંટણી પંચે રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરમમાં વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી હતી. ચૂંટણી પંચ તરફથી પત્ર મળ્યા બાદ કેન્દ્ર સરકારે પણ સ્પષ્ટ કરી દીધું છે કે તે પાંચ રાજ્યોમાં આ યાત્રા નહીં કાઢે. પત્રકારો સાથે વાત કરતા માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિકારીએ કહ્યું હતું કે અમે ૨.૫૫ લાખ ગ્રામ પંચાયતો અને લગભગ ૧૮,૦૦૦ શહેરી સ્થળોએ સરકારી પહેલને પ્રોત્સાહન આપવા માટે આ યાત્રા કાઢી રહ્યા છીએ. પરંતુ હવે આ પાંચ રાજ્યોમાં તેને શરૂ કરવાની અમારી કોઈ યોજના નથી. મળતી માહિતી મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિરસા મુંડા જયંતિ-જનજાતિ ગૌરવ દિવસના અવસર પર માહિતી, શિક્ષણ અને સંચાર વાનને લીલી ઝંડી બતાવીને આ યાત્રાનું ઉદ્‌ઘાટન કરશે.

## ન્યૂઝ બ્રિફ

### રાશન કૌભાંડમાં પ.બંગાળના મંત્રી જ્યોતિપ્રિયા મલિકની ધરપકડ થઈ

। કોલકાતા, તા.૨૮ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ રાશન કૌભાંડ કેસમાં લાંબી પૂછપરછ બાદ ગુરુવારે મોડી રાત્રે પશ્ચિમ બંગાળના મંત્રી જ્યોતિપ્રિયા મલિકની ધરપકડ કરી હતી. કૌભાંડની તપાસના સંદર્ભમાં ઈડીની ટીમ ગુરુવારે સવારે કોલકાતાના સોલ્ટ લેકમાં મલિકના ઘરે પહોંચી હતી. ત્યારપછી ઈડીના અધિકારીઓએ જ્યોતિપ્રિયા મલિકની પૂછપરછ શરૂ કરી, જે મોડી રાત સુધી ચાલુ રહી હતી. બાદમાં ઈડીએ તેમની કથિત ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરી હતી. ઈડીએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું કે પશ્ચિમ બંગાળના મંત્રી જ્યોતિપ્રિયા મલિકની રાશન વિતરણના ભ્રષ્ટાચારના કથિત કેસમાં ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ બાદ જ્યારે ઈડીના અધિકારીઓ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (સીએપીએફ) કર્મચારીઓની મદદથી મંત્રી મલિકને લઈ જઈ રહ્યા હતા, ત્યારે મીડિયાકર્મીઓ તેમની આસપાસ એકઠા થઈ ગયા હતા.

### જીવનસાથી જીવિત હોય તો અન્ય કોઈ સાથે લગ્ન કરવા ઉપર રોક

। દિસપુર, તા.૨૮ ।

અસમની હિમંતા બિસ્વા સરમા સરકારે પોતાના કર્મચારીઓ પર જીવનસાથી જીવિત હોય તો અન્ય કોઈ સાથે લગ્ન કરવા પર રોક લગાવી છે અને બીજા વિવાહ કરવા પર દંડાત્મક કાર્યવાહીની ચેતવણી આપી છે. પર્સનલ લોમાં ભલે બીજા લગ્નની મંજૂરી હોય તો પણ બીજા લગ્ન કરવાની પરવાનગી નહીં રહે. કાર્મિક વિભાગના કાર્યાલય પત્રમાં કર્મચારીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે કે જો પતિ કે પત્ની જીવિત હોય તો કોઈ અન્ય સાથે લગ્ન કરતા પહેલા સરકારની મંજૂરી લેવાની રહેશે. તેમાં ડિવોર્સના માપદંડ વિશે ઉલ્લેખ કરાયો નથી. પત્રમાં કહેવાયું છે કે કોઈ પણ સરકારી કર્મચારી, જેની પત્ની જીવિત હોય, સરકારની મંજૂરી વગર બીજા લગ્ન કરી શકશે નહીં. ભલે તેના પર લાગૂ થનારા પર્સનલ લો હેઠળ બીજા લગ્નની મંજૂરી હોય. પત્રમાં કહેવાયું છે કે એ જ રીતે કોઈ પણ મહિલા સરકારી કર્મચારી જેનો પતિ જીવિત હોય, સરકારની મંજૂરી વગર બીજા લગ્ન કરી શકશે નહીં.

## વિશેષ


### એકતાનગર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરોડોના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાશે

# ૩૧મી ઓક્ટોબરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર સાહેબની પ્રતિમાને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે

સરદાર પટેલ જયંતી નિમિત્તે આગામી ૩૧ ઓક્ટોબરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ વિશ્વની સૌથી ઊંચી સરદાર સાહેબની પ્રતિમાની પાદપૂજા કરીને સમગ્ર દેશવાસીઓ તરફથી સરદાર પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. ત્યારબાદ તેઓ એકતાનગર ખાતે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીમાં ઉપસ્થિત રહી પોલીસદળના જવાનો દ્વારા થનારી એકતા પરેડનું નિરીક્ષણ કરશે અને તમામ લોકોને રાષ્ટ્રીય એકતા દિવસના શપથ પણ લેવડાવશે.

વડાપ્રધાન આ વર્ષે યોજાનારા 'આરંભ' (AARAMBH) કાર્યક્રમમાં હાજરી આપી ઓફિસર તાલીમાર્થીઓને સંબોધિત કરશે. આરંભ કાર્યક્રમનું આ પાંચમુંસંસ્કરણહશે,જેનીઆવર્ષનીથીમછે,'હારનેસિંગ ધ પાવર ઓફ ડિસરપ્શન.' આ સાથે જ વડાપ્રધાનના હસ્તે વિવિધ વિકાસકામો અને પ્રવાસન આકર્ષણોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે, જેમાં ગ્રીન ઈનિશિયેટિવ હેઠળ ૫ પ્રોજેક્ટ્સ, ૩ પ્રવાસન આકર્ષણો અને ૩ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવા જઈ રહ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગવર્નન્સ ઓથોરિટી (SOUADTGA) પ્રકૃતિ, સંસ્કૃતિ અને પાણી (નેચર, વોટર એન્ડ કલ્ચર)ના સંરક્ષણ સાથે એકતાનગરનો વિકાસ કરવા માટે પ્રતિબદ્ધ છે.

એ ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગવર્નન્સ ઓથોરિટીએ પ્રકૃતિના સંરક્ષણ માટે ગ્રીન ઈનિશિયેટિવ હેઠળ પાંચ પ્રોજેક્ટ્સનું આયોજન કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સરદાર પટેલ જયંતીના અવસરે આ પાંચ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે, જેમાં ૩૦ ઈ-બસો, પબ્લિક બાઈક શેરિંગ,





ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા સિટિ ગેસનું વિતરણ અને એકતાનગરમાં આવતા પ્રવાસીઓના સરળ ટ્રાન્સપોર્ટેશન માટે ગોલ્ફ કાર્ટ્સ જેવી સુવિધાઓનું લોકાર્પણ તેમજ ૪ મેગાવોટ સ્થાપિત ક્ષમતા સાથેના સોલાર પેનલ્સનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાં પ્રવાસીઓના હરવા ફરવા માટે ગ્રીન ઈનિશિયેટીવના ભાગરૂપે ઓથોરિટી દ્વારા ડીઝલથી ચાલતી બસોના સ્થાને હવે ઈલેક્ટ્રિક બસો ચલાવવામાં આવશે.

આ સાથે જ, પ્રવાસીઓને એકતાનગરનો સર્વાંગી અનુભવ પ્રદાન કરવા માટે તેમજ તેઓને ટ્રાન્સપોર્ટેશન માટે એક હરિત માધ્યમ એટલે કે ગ્રીન મોડ ઉપલબ્ધ કરાવવા માટે ઓથોરિટીએ સાયકલ શેરિંગ સિસ્ટમ (પબ્લિક બાઈક શેરિંગ)નું આયોજન કર્યું છે, જે પ્રવાસીઓને સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાં ફરવા માટે ઓછા ખર્ચે પર્યાવરણને અનુકૂળ મોબિલીટી પ્રદાન કરશે. એકતાનગરમાં પર્યાવરણીય ટકાઉપણાને તેમજ સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) નેટવર્કના વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી તમામ ઘરોમાં 'પાઈપ્ડ નેચરલ ગેસ' સપ્લાય કરવા માટે ગુજરાત ગેસ લિમિટેડ (GGL) દ્વારા સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશનનું આયોજન કરવામાં આવ્યું છે, જે પરંપરાગત ઈંધણ સ્ત્રોતો પરની નિર્ભરતા ઘટાડશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેતા મુલાકાતીઓને કુદરતી વાતાવરણ અને સુંદર લેન્ડસ્કેપ્સનો આરોગ્યપ્રદ અનુભવ આપવા એકતાનગરમાં પ્રવાસીઓ માટે પર્યાવરણને અનુકૂળ પરિવહન ઉકેલ તરીકે ઈ-ગોલ્ફ કાર્ટ ઈન્ટ્રોડ્યુસ કરવામાં આવી રહી છે. આ સાથે જ, ગ્રીન અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી સસ્ટેનેબલ સોલ્યુશન્સના ભાગરૂપે તેમજ ૧.૪ મેગાવોટની સોલાર પાવર ઉત્પાદનની હાલની ક્ષમતામાં વધારો કરવા માટે પાર્કિંગ ૧, પાર્કિંગ ૨ અને પાર્કિંગ ૩ પર સોલાર પેનલ્સ ઈન્સ્ટોલ કરવાની યોજના છે, જે ૪ મેગાવોટ સોલાર પાવર જનરેટ કરશે. આમ, પ્રકૃતિના સંરક્ષણ સાથે એકતાનગરનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

એકતાનગરની મુલાકાત લેતા પ્રવાસીઓ માટે લગભગ ૧૦૦ કરોડના ખર્ચે એક વિઝિટર્સ સેન્ટર નિર્માણ કરવામાં આવશે, જેનું ખાતમુહૂર્ત ૩૧ ઓક્ટોબરના રોજ વડાપ્રધાનના હસ્તે કરવામાં આવશે. આ વિઝિટર્સ સેન્ટર એક રિસેપ્શન સેન્ટર તરીકે કાર્ય કરશે, જે પ્રવાસીઓને માહિતી અને દિશા પ્રદાન કરશે. તેમાં પ્રવાસીઓને જરૂરી સુવિધાઓ પૂરી પાડતી દુકાનો, ફૂડ કોર્ટ, રેસ્ટોરન્ટ, આરામ અને મનોરંજનની જગ્યાઓ પણ બનાવવામાં આવશે.

૭.૫ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા કમલમ્ પાર્કનું પણ લોકાર્પણ વડાપ્રધાન દ્વારા કરાશે. આ પ્રોજેક્ટમાં એકતાનગર ખાતે નર્મદા નદીના ડાબા કિનારે ડ્રેગન ફ્રૂટ, કે જે ભારતમાં 'કમલમ' તરીકે જાણીતું છે, તેની નર્સરી બનાવવામાં આવી છે. આ નર્સરીમાં મુલાકાતીઓ અને ખેડૂતોને આ ફળના ફાયદા અને તેની ખેતીની પદ્ધતિ વિશે શિક્ષિત કરવા માટે ડિજિટલ ઓરિએન્ટેશન સેન્ટર આવેલું છે, તેમજ તેમને વિતરણ માટે ૯૧૦,૦૦ કમલમના છોડ પણ રાખવામાં આવ્યા છે. નર્સરીનું એકંદર વાતાવરણ અને કેક્ટસ ગાર્ડનની નજીકમાં તે આવેલો હોવાથી કમલમ પાર્ક એકતા નગરના મુલાકાતીઓ માટે એક રસપ્રદ આકર્ષણ બનશે.

પ્રવાસીઓનીસુવિધા માટે એકતાનગર ખાતે ૭.૫ કરોડના ખર્ચે ૨ ફિસ્કિંગ બૂથ સાથે ૧૫૦ મીટરના વોક-વેનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ફિસ્કિંગ બૂથની ક્ષમતા જૂના ફિસ્કિંગ બૂથની સરખામણીએ ત્રણગણી છે. વડાપ્રધાનના હસ્તે વોક-વેનું લોકાર્પણ કરવામાં આવશે. આ સાથે જ, એકતાનગરના રહેવાસીઓ અને પ્રવાસીઓ માટે આરોગ્ય સંભાળની સુવિધાઓ વધારવાના ઉદ્દેશ સાથે અહીંયા ૫૦ બેડ્સની ક્ષમતા તેમજ ટ્રોમા સેન્ટરની સુવિધા સાથેની એક સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બનાવવામાં આવશે. SSNNL દ્વારા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના વિકાસ માટે આરોગ્ય વિભાગને ૬૦૦૦ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી છે. વડાપ્રધાન એકતાનગર ખાતે ૮૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક લિ.ના સહકાર ભવનનું લોકાર્પણ કરશે. સરદાર સરોવર નર્મદા નિગમ લિ. તરફથી બેંકને સહકાર ભવનના નિર્માણ માટે કેવડિયા કોલોની ખાતે ૧૪,૬૮૮ ચો.મી. જમીન ૯૯ વર્ષના ભાડા પટ્ટે ફાળવવામાં આવી છે. આ ભવનનું નિર્માણ આર્કિટેક્ટ, PMC, કન્સલ્ટીંગ એન્જિનિયર, ઈન્ટીરિયર વગેરે નિષ્ણાતોની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે. ગેસ્ટ હાઉસ બિલ્ડીંગમાં AC, TV તથા WiFi અદ્યતન ફર્નીચર સાથેની વ્યવસ્થા ધરાવતા ૧ VIP રૂમ, ૫ VIP રૂમ, ૨૮ DELUX રૂમ, ૪૫-૭ બેડના રૂમ, ડ્રાઈવર માટે ડોરમેટરી થઈને કુલ ૩૬૦ વ્યક્તિ માટે રહેઠાણની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ટ્રેઈનીંગ/મીટિંગની સુવિધા માટે અંદાજે ૩૦૦ વ્યક્તિઓની બેઠક વ્યવસ્થા અને અદ્યતન ઓડિયો વિડિયો સીસ્ટમ સાથે ઓડિટોરીયમ પણ બનાવવામાં આવ્યું છે. ૩૫ વ્યક્તિઓનો કોન્ફરન્સ રૂમ બનાવી વિડીયો કોન્ફરન્સીંગની સુવિધા પણ ઉપલબ્ધ છે.

GMR વરાલક્ષ્મી ફાઉન્ડેશન દ્વારા એકતાનગર ખાતે એકતા સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર કાર્યરત છે. આ સેન્ટર ખાતે વિવિધ કોર્સ હેઠળ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. આ કોર્સીસમાં ઈ-ઓટો ડ્રાઈવર, લાઈટ મોટર વ્હીકલ ડ્રાઈવર, હાઉસકીપીંગ અને રૂમ અટેન્ડન્ટ, આસિસ્ટન્ટ ઈલેક્ટ્રિશિયન, ફ્રન્ટ ઓફિસ એસોસિયેટ, કોમ્પ્યુટર/ડેટા એન્ટ્રી ઓપરેટર, આસિસ્ટન્ટ બ્યુટી થેરાપિસ્ટ, ફૂડ એન્ડ બેવરેજીસ સ્ટુઅર્ડ, કડિયાકામ ટેક્નિશિયન અને ટુરિસ્ટ ગાઈડ જેવા કુલ ૧૦ કોર્સનો સમાવેશ થાય છે. માર્ચ ૨૦૨૩ સુધીમાં આ સેન્ટરમાંથી કુલ ૧૧૪૧ તાલીમાર્થીઓ પાસ થયા છે અને ૭૮૭ તાલીમાર્થીઓનું પ્લેસમેન્ટ થયું છે, અથવા તો તેઓ સ્વરોજગાર ધરાવે છે.

### અમદાવાદમાં આયોજિત કાર્યક્રમમાં ૧૧૯ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા

# માનનીય વડા પ્રધાને રોજગાર મેળા હેઠળ સરકારી વિભાગો અને સંસ્થાઓમાં નવનિયુક્ત કર્મચારીઓને ૫૧,૦૦૦થી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કર્યું હતું



| અમદાવાદ, તા.૨૮ |

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૮ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ બપોરે ૧૩:૦૦ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કર્મચારીઓ માટે ભરતી અભિયાન રોજગાર મેળાનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે આયોજિત સમારોહમાં નવનિયુક્ત ૫૧૦૦૦ કર્મચારીઓને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ દરમિયાન માનનીય વડાપ્રધાને નવનિયુક્ત કર્મચારીઓને પણ સંબોધિત કર્યા હતા.

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક શાહીબાગ ખાતે રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારત સરકારના ટેક્સટાઈલ અને રેલવે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શના જરદોશ, માનનીય સાંસદ શ્રી કિરીટ સોલંકી, માનનીય સાંસદ શ્રી હંસમુખભાઈ પટેલ, માનનીય સાંસદ શ્રી નરહરિ અમીન, અમદાવાદના માનનીય મેયર શ્રીમતી પ્રતિભા જૈન,માનનીય ધારાસભ્ય શ્રી દિનેશ સિંહ કુશવાહ,માનનીય ધારાસભ્ય શ્રીમતી કંચનબેન રાદડિયા, માનનીય ધારાસભ્ય શ્રી હસમુખભાઈ પટેલ, મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્મા અને અન્ય પ્રતિષ્ઠિત મહેમાનો અને રેલવે અધિકારીઓ આયોજિત સમારોહ માં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂંક પત્રો મહાનુભાવોના હસ્તે આપવામાં આવ્યા હતા. યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવા અને નાગરિકોનું કલ્યાણ સુનિશ્ચિત કરવા માટે માનનીય વડાપ્રધાનની સતત પ્રતિબદ્ધતાને પરિપૂર્ણ કરવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું હશે. માનનીય વડાપ્રધાનના નિર્દેશો અનુસાર,





તમામ મંત્રાલયો અને વિભાગો મિશન મોડમાં સ્વીકૃત પદોની હાલની ખાલી જગ્યાઓ ભરવા માટે કામ કરી રહ્યા છે. રોજગાર મેળો રોજગાર સર્જનને સર્વોચ્ચ અગ્રતા આપવાની વડાપ્રધાનની પ્રતિબદ્ધતાને પરિપૂર્ણ કરવાની દિશામાં એક પગલું છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે રોજગાર મેળો રોજગાર નિર્માણમાં ઉત્પ્રેરક રૂપ તરીકે કામ કરશે અને યુવાનોને તેમના સશક્તિકરણ અને રાષ્ટ્રીય વિકાસમાં ભાગીદારી માટે સાર્થક અવસર પ્રદાન કરશે.

## પતિ-પત્ની સહિત પરિવારના સાત લોકોની આત્મહત્યા

| સુરત, તા.૨૮ |

સુરતમાં હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. શહેરના અડાજણમાં આવેલા પાલનપુર પાટિયા વિસ્તારમાં સિદ્ધેશ્વરી એપાર્ટમેન્ટમાં પરિવારની સામૂહિક આપઘાતની ઘટના સામે આવી છે. જેમાં પતિ, પત્ની, માતા, પિતા, બે બાળક અને એક બાળકી સહિત પરિવારના ૭ લોકોએ આપ ઘાત કર્યો છે. પ્રાથમિક માહિતી અનુસાર, પરિવારના ૬ લોકોએ ઝેરી દવા ગટગટાવી અને એક વ્યક્તિએ ગળેફાંસો ખાધો હોવાનું જાણવા મળી રહ્યું છે. આ બનાવના પગલે પોલીસ અધિકારીઓ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ મામલે ઊંડાણ પૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. હાલ પોલીસ દ્વારા મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. સાથે પોલીસકર્મીઓ દ્વારા આસપાસમાં રહેતા લોકોની અને પરિવારજનો પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે, આર્થિક સંકડામણમાં સામૂહિક આત્મહત્યા કર્યાનું પ્રાથમિક તારણ છે. જોકે ઘરના વડીલે ઘરના સભ્યોને દવા પિવડાવી અને પોતે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુર પાટિયા પાસે નૂતન રો-હાઉસ ની સામેના સિદ્ધેશ્વર એપાર્ટમેન્ટમાં એક જ પરિવારના સાત લોકોએ સામુહિક આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. ફાંસો ખાધેલી હાલતમાં ઘરમાંથી મળી આવેલા મનીષ સોલંકી ફર્નિચરનું કામ કરતો હોવાનું સામે આવ્યું છે. જ્યારે ૩ પુત્ર, પત્ની અને વૃદ્ધ માતા-પિતા એ કોઈ પ્રવાહી પીવાના લીધે મૃત્યુ પામ્યા હોવાની વિગતો સપાટી પર આવી છે.

# રાજ્યમાં બેવડી ઋતુની અસર અનુભવાઈ રહી છે

## રાજ્યના હવામાન વિભાગે અનુમાન કર્યુ છે કે, રાત્રે લઘુતમ તાપમાન ૨૦ થી ૨૨ ડિગ્રી આસપાસ રહેશે

| અમદાવાદ, તા.૨૮ |

ગુજરાતમાં ધીમા પગલે ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. દિવસે ગરમી અને રાતે ઠંડી અનુભવાઈ રહી છે. રાજ્યમાં બેવડી ઋતુની અસર અનુભવાઈ રહી છે. ત્યારે રાજ્યના હવામાન વિભાગે અનુમાન કર્યુ કે, રાત્રે લઘુતમ તાપમાન ૨૦થી ૨૨ ડિગ્રી આસપાસ રહેશે. ગત રોજ અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી નોંધાયું છે. આવતા સપ્તાહથી ઠંડીનું જોર વધશે. જોકે ખરી ઠંડી તો ડિસેમ્બર મહિનામાં પડશે. ઉત્તર ભારતીય પ્રદેશમાં હિમ વર્ષા બાદ ગુજરાતમાં ખરી ઠંડીનો અહેસાસ થવા લાગશે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડો.મનોરમા મોહંતીએ જણાવ્યું કે, હાલ ગુજરાતમાં બેવડી ઋતુ અનુભવાઈ રહી છે. આ ટ્રન્ઝીટ પીરિયડ છે. આ ટ્રાન્ઝિસ્ટ મહિનો હોવાથી હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. પરંતુ જલ્દી જ વાતાવરણમાં ઠંડીનો અહેસાસ થવા લાગશે. ગુજરાતમાં હજુ ૧૫ દિવસ મિશ્ર ઋતુ જોવા મળશે. પરંતુ શિયાળો હવે મોડો આવશે. શિયાળાના આગમનને હજી પંદર દિવસ રાહ જોવી પડશે.

હવામાન વિભાગના એક્સપર્ટસના અનુસાર, હજુ ૧૫ દિવસ શિયાળાની રાહ જોવી પડશે. હજુ પંદર દિવસ મિશ્ર વાતાવરણ બની રહેશે. બપોરનાસમયે ગરમી જ્યારે વહેલી સવારે ઠંડીનો અહેસાસ થશે. આવા સમયે વાદળો પણ છવાશે. હાલ માવઠાની કોઈ શક્યતા દેખાતી નથી.

આવામાં હવામાન વિભાગના એક્સપર્ટસ ખેડૂતોને સલાહ આપી રહ્યાં છે કે, સામાન્ય રીતે કેટલાક વિસ્તારોમાં શિયાળુ પાકનું વહેલુ વાવેતર કરવામાં આવતુ હોય છે. જે ન કરવું જોઈ. યોગ્ય ઋતુ બેસે તે બાદ જ વાવેતર કરવુ યોગ્ય રહેશે. જેથી પાકનો ઉગાવો સારો આવે. આવુ કરવાથી પાકને નુકસાન પણ થતુ નથી. અંબાલાલ પટેલે જણાવ્યું કે, આ વર્ષે નવેમ્બર અને ડિસેમ્બરની શરૂઆતમાં શિયાળો હુંફાળો રહેશે. આ વર્ષે શિયાળો અલ નિનોના કારણે થોડો મોડો શરૂ થશે. ૨૨ ડિસેમ્બર પછી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમ વર્ષા થશે. જેના કારણે ગુજરાતમાં ઠંડી શરુ થશે. પરંતુ આ વર્ષે જાન્યુઆરી મહિનો ઠંડો રહેશે. ૫ મી ફેબ્રુઆરીથી દેશના ઉત્તરીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થતા કાતિલ ઠંડીને વેગ મળશે. આ દિવસોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી રહેવાની શક્યતા છે. તો ઉત્તર ગુજરાતનાં ભાગોમાં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી રહેવાની શક્યતા છે. ગુજરાતની વાત કરીએ તો આ વર્ષે નલિયાનું તાપમાન ૭ ડિગ્રી સુધી રહેવાની શક્યતા છે. ફેબ્રુઆરીના અંત સુધી અને માર્ચના શરૂઆતમાં ગુલાબી ઠંડી રહેશે. એક પછી એક પશ્ચિમી વિક્ષેભ આવતા દેશના ઉત્તરીય પ્રદેશોમાં હવામાન કથળી જવાથી દિવાળી પહેલા સવારે ઠંડીનો અનુભવ થશે પણ તે શિયાળાની ઠંડી ગણી શકાય નહી.

૨૬ ઓક્ટોબરથી હવામાનમાં ફેરફાર થતા સવારે ઠંડક રહેશે. આ દિવસોમાં રોગિસ્ટ ઋતુનો પ્રભાવ ઘટશે અને સમૃદ્રમાં વરસાદ વધુ થશે. આ શરદ પૂનમે ચંદ્રગ્રહણ છે, જો પૂનમે ચંદ્ર શ્યામ વાદળોમાં ઢંકાયેલો રહેતો વાવાઝોડું રહેવાની શક્યતા રહે છે.

### સનાતન ધર્મ બચાવવા સંતોએ કમર કસી

# સનાતન ધર્મ એ જ સાચો ધર્મ છે, આપણે એક થઈને લડવું પડશે

| અમદાવાદ, તા.૨૮ |

જૂનાગઢમાં જૈન સંપ્રદાય દ્વારા કરેલ દત્ત શિખર પર કરાયેલી તોડફોડ બાદ આંતક મચાવી હોબાળો કરાયો હતો. જે સંદર્ભે ભારતભરના સંતો મહંતોનું ભારતી આશ્રમ ખાતે સંમેલન યોજાયું હતું. આ બાબતે મંદિરના ટ્રસ્ટી અને સાધુ સંતો દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી, પરંતુ ફરિયાદના આધારે કોઈ પગલાં ન લેવાતાં સંતો મહંતો ઉગ્ર બન્યા હતા. ત્યારે ગાંધીનગરમાં ભરાયેલી સંતસભામાં સંતોએ શાબ્દિક બાણ ચલાવ્યા હતા. હરિહરાનંદ બાપુએ કહ્યું કે, ગિરનારની ઓળખ સનાતનીઓથી છે એવી ઓળખ હવે વિધર્મીઓને કરાવવી પડશે. તો ગાંધીનગરમાં સંત સંમેલનમાં રાજરાજેશ્વર મહારાજે મોટું નિવેદન આપતા કહ્યું કે, આજે ધર્મ કે સંત કોઈ સુરક્ષિત નથી. મંદિર કે મઠ પણ સુરક્ષી નથી રહ્યા. ભગવો સસ્તો થઈ ગયો છે, કોઈ પણ પહેરે છે. જુનાગઢ પર્વત પર હુમલો થયો તો માત્ર ચર્ચા થઈ. તો બનાસકાંઠાના નિજાનંદ બાપુએ કહ્યુ કે, હાલ સનાતની નબળા પડી રહ્યા છે. વિધર્મી કોઈ પણ મહોલ્લામાં બિન્દાસ ફરે છે. જુહાપુરામાં લમણા ઢાંકીને આપણે નીકળવું પડે છે. આપણે અસ્તિત્વની લડાઈ લડવાની છે, ભાષણો નથી કરવાના.

શારદાપીઠ દ્વારકાના શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતી મહારાજે કહ્યું કે, સનાતન ધર્મ સંસ્કૃતિ સંરક્ષણ ટ્રસ્ટની આજે રચના થઈ છે. ધર્મની રક્ષા આપણે જ કરીએ છીએ કે ધર્મ આપણી રક્ષા કરે છે. જે ભગવાનની આપણે આરાધના કરીએ તેના પર આક્ષેપ થાય તે યોગ્ય નથી. જેના માટે જ આ સમિતિની રચના કરવામાં આવી છે. આપણા અંદરો અંદરના ઝગડાઓના કારણે અન્યોને મોકો મળે છે. આપણે જ કંઈક અંશે ધર્મનું પાલન નથી કરતા, જેના કારણે પણ અન્ય લોકોને બોલવાનો મોકો મળે છે. કોને ભગવાન માનવા તે માટે પ્રમાણ જરૂરી છે. અને તે પ્રમાણ વેદો છે. વધારે રૂપિયા હોય મોટા મોટા નિર્માણ કરવામાં આવે મોટા નિર્માણથી પણ કંઇ થવાનું નથી. અમે તમારા ભગવાનને ભગવાન નથી માનતા અમે અમારા ભગવાનને જ ભગવાન માનીએ છીએ. અંદરો અંદર જ યુદ્ધ કરીશું તો વિધર્મીઓ સામે કોણ લડશે, ગૌ રાક્ષકો સામે કોણ લડશે. સનાતન ધર્મ એ જ સાચો ધર્મ છે.બાકી લોકોએ ધર્મમાં ભેળસેળ કરી છે.

ગાંધીનગરના સંત સંમેલનમાં ભરૂચના રાજરાજેશ્વર મહારાજનું મોટું નિવેદન આપતા કહ્યું કે, આજે ધર્મ કે સંત કોઈ સુરક્ષિત નથી. મંદિર કે મઠ પણ સુરક્ષિત નથી. જે સંત વિચરણ કરે છે તેના પર અંગુલી નિર્દેશ કરે છે. આજે ભગાવો સાવ સસ્તો થઈ ગયો છે, કોઈપણ પહેરે છે. ૧૩ અખાડા પૈકી એક અખાડો બ્રહ્મચારી છે. એક અખાડા વિરૂદ્ધ વિશે કોઈ બોલે તો અન્ય ચૂપ રહે છે. જૂનાગઢ પર્વત પર હુમલો થયો તો માત્ર ચર્ચા જ થઈ છે. ભગવા પહેરવાથી કે તિલક કરવાથી કોઈ સાધુ મહાત્મા નથી થતાં. શંકરાચાર્યનું પદ સર્વોચ્ચ પદ માનવામાં આવતું હતું. હવે આખડાઓ અલગ થયા અને તેની પરંપરા અલગ થઈ ગઈ છે.

તો સંત સંમેલનમાં હિંમતનગરના નીંબાર્ક આશ્રમના ડો. ગૌરાંગ શરણજીએ કહ્યું કે, આ દેશ કેટલો શૌર્યવાન હતો. દેશને બચવું હશે તો શંકરાચાર્ય અને સંતોના ચરણોમાં આવવું પડશે. આપણા દેશમાં વૈદિક પૂજા થાય છે, પરંતુ કેટલાક મૂર્ખ લોકો અવૈદિક પૂજા કરવા લાગ્યા છે.

## કચ્છ ખાતે RSSની રાષ્ટ્રીય કાર્યકાળની બેઠક મળશે

| ગાંધીનગર, તા.૨૮ |

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની કાર્યપ્રણાલી અનુસાર પ્રતિ દિવાળી પૂર્વે ભારતીય કાર્યકારી મંડળીની બેઠક દેશના કોઈ એક સ્થાન પર મળતી હોય છે. આ વખતે લોકસભાની ચૂંટણી પૂર્વે આ બેઠક કચ્છ ખાતે મળી રહી છે. આ બેઠક ભુજ ખાતે તા.૫ નવેમ્બરથી ૭ નવેમ્બરનાના રોજ ત્રણ દિવસ માટે મળવા જઈ રહી છે.આ માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા ડો. મોહન ભાગવત એક સપ્તાહ માટે કચ્છમાં રોકાણ કરશે દરમિયાન તેઓ વિવિધ કાર્ય વિસ્તાર સહિતની બાબતો પર ચિંતન કરશે.જેમા દેશના ૪૪ રાજ્યો અને ૫૦૦થી વધારે ક્ષેત્રના નેતાઓ ઉપસ્થિત રહેશે.

આ બેઠકમાં સંઘના કાર્ય વિસ્તાર સહિતની બાબતો પર ચિંતન કરવામાં આવશે. સર સંઘ સંચાલક ડો. મોહન ભાગવત તારીખ ૩૧. ઓકટોબર ના રોજ સવારે ટ્રેન મારફતે ભુજ ખાતે આવી પહોંચશે અને તારીખ ૮. ૧૧ સુધી તેઓ કચ્છમાં રહેશે. આગામી લોકસભાની ચૂંટણી પૂર્વે મળતી આ બેઠક અત્યંત મહત્વની માનવામાં આવી રહ્યું છે.

### સંબંધીના ઘરેથી જ નગ્ન અવસ્થામાં મૃતદેહ મળ્યો

# દાહોદમાં ગુમ થઈ ગયેલા યુવકની હત્યા કરવામાં આવી

| દાહોદ, તા.૨૮ |

દાહોદ શહેરમાં આવેલ પોષ વિસ્તાર એવાં દેસાઈ વાડમાં રહેતાં મિલાપ શાહ (ઉ.વ ૪૨) નામનો યુવક ગત તારીખ ૨૫/૧૦/૨૦૨૩ના રોજ સાંજના ૬.૩૦ કલાકે ઘરેથી બજારમાં જઈને આવું છુ તેમ કહી નીકળ્યો હતો. ત્યાર બાદ મોડી રાત સુધી આ યુવક ઘરે ન આવતા પરિવારજનો દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પરંતુ યુવક ન મળતા પરિવારજનોએ દાહોદ એ ડિવિઝન પોલીસ મથકે ગુમ થયાની ફરીયાદ નોંધાવી હતી. જોકે ગુમ થયાના ૪૮ કલાક બાદ યુવકના પોતાનાં સંબધીને ત્યાં હત્યા કરેલ નગ્ન હાલતમાં મૃતદેહ મળતા પંથકમાં ચકચાર મચી જવા પામ્યો છે. મિલાપ શાહ જયારે પોતાના ઘરેથી નિકળ્યો ત્યાર બાદ એ વિસ્તારમા ૩ અજાણ્યા ઈસમો સાથે જતો હોવાના સીસીટીવીના આધારે તેમજ દાહોદ પોલીસે મોબાઈલ ટાવર લોકેશનના આધારે તપાસ હાથ ધરી હતી. મિલાપના મોબાઈલનું લોકેશન ઘર નજીક આવેલ પોતાનાં સંબધીના બંધ મકાનમાં મોબાઈલ લોકેશન આવતા તપાસ હાથ ધરાઈ હતી. જેમાં મિલાપ શાહની નગ્ન હાલતમાં લોહીલુહાણ હાલતમા મૃતદેહ મળી આવતા પોલીસે સત્વરે એફ.એસ.એલ., ફિંગર પ્રિન્ટ નિષ્ણાત, ડોગ સ્કોડ સહિતના નિષ્ણાતોની મદદ લઇ પ્રથમ દૃષ્ટિએ લૂંટ વિથ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨